
सूर्यप्रकाश प्रीन्टींग प्रेसमां पटेल [illegible] [illegible] छाप्युं
पानकोर नाका—अमदावाद



સમર્પણ

કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચન્દ્રાચાર્ય મહારાજ !

આપ જૈનશાસનના સ્તંભ છો. આપના ગુણો વર્ણનાતીત છે. આપે ગૂર્જરેશ્વર કુમારપાળને પ્રતિબોધ આપી ગુર્જરજન જિનધર્મરાગી અલંકૃત કરાવી ભવ્યજનો ઉપર અત્યંત ઉપકાર કર્યો છે. સિદ્ધહૈમ શબ્દાનુશાસન, કાવ્યાનુશાસન, છન્દોનુશાસન, ત્રિષષ્ટિશલાકાપુરુષ ચરિત્ર, પરિશિષ્ટપર્વ, યોગશાસ્ત્ર, પ્રમાણમીમાંસા, સંસ્કૃત પ્રાકૃત દ્વયાશ્રયકાવ્ય, અભિધાનચિંતામણિ, નિઘંટુકોષ, અનેકાર્થકોષ, દેશીનામમાળા વિગેરે આપની દેહધારી પ્રતિભાસમાન અનેક ગ્રન્થો આપની સાહિત્યસેવાના પુરાવારૂપ છે. એતદ્દેશીય તેમજ પાશ્ચાત્ય અનેક વિદ્વાનો આપની ઉપરોક્ત કૃતિઓનો અભ્યાસ કરી મુક્તકંઠે પ્રશંસા કરે છે અને સાક્ષાત્ વાગ્દેવતાના અવતારરૂપી ગણી હૃદયકમળમાં સ્થાપન કરી આપને નિરંતર અર્ધ્ય આપે છે. અમારાથી આપનું ઋણ કોઈ પણ પ્રકારે ફેડી શકાય તેમ નથી છતાં પણ ફૂલ નહિ, તો ફૂલની પાંખડી સમાન આ લઘુ ગ્રન્થ આપના કરકમલમાં અર્પણ કરી કૃતાર્થતા અનુભવું છું.

લિ. આપનો સદાનો દાસ
સેવક નવાબ સારાભાઈ મણીલાલ.

વિષયાનુક્રમ

शुद्धिपत्रकम् ।

पृष्ठम्	पङ्क्तिः	अशुद्धिः	शुद्धिः
		प्रस्तावनायाम् ।	
५१	१	इदः	ईदे
५२	१६	[illegible]	[illegible]
५२	१	[illegible]	[illegible]
५२	१२	सुखिता	सुखिता
		मूलग्रन्थानाम् ।	
१	६	[illegible]	[illegible]
५	७	[illegible]	[illegible]
२	११	[illegible]	[illegible]
११	१	[illegible]	रसिज्ञ-
१३	३	[illegible]	[illegible]
१	२२	[illegible]	[illegible]
१२	१५	[illegible]	[illegible]
३१	२	[illegible]	[illegible]
३१	११	[illegible]	[illegible]
३५	५	[त्रिपुरस	त्रिपुरस्येव
३		[illegible]	[illegible]
३		[illegible]	[illegible]
३	२	[illegible]	[illegible]
३२	५	[illegible]	[illegible]
४	१	मत	मत
४		[illegible]	[illegible]
४	८	मत	मती।
४	१	[illegible]	[illegible]

पृष्ठम्	पङ्क्ति	अशुद्धि	शुद्धि
४१	७	मनुमि	मुमि
४४	१४	मत	भुत
४४	१५	मत	भुत
४८	७	चितमभि	चितम्भि
४९	३	वर्धमद	वर्धमत्
४९	२१	भविभि.	भुविभि
	४	वर्धमम	वर्धमम्
५०	१४	वाग्यऽभि	वाग्योऽभि
५१	१	भविभिः	भुविभिः
५६	१	भतवरैः	भुतवरै
	१	सोऽग्र	मोऽर्ह
५७	६	आतरित	आरोपित
	१४	प्रमव	प्रभव
१	११	मोह	मोह
८७		वमर्द	स्वमेद
	(टिप्पणी)	वाव	वस
९		तव बा	तथा वा
९		धर	मन
६	१५	रम्या	रम्यो
९	१०	भवदेव!	भवदेव
१ १		भिदमुरे ।	भिद्र ! मुरे
१	११	भव –भवि	भवम्भ–भवति
११२	१९	(अभि ९	(अभि ८.
१११	३	वीरोभ्रव	वीरोत्वर
११	१९	इति इमि	इति इति

पृष्ठम्	पङ्क्तिः	अशुद्धिः	शुद्धिः
११	१	वृषि	वृषणा
११	१	विहसुते । विद्वेषिदिशात्म ।	विहसुते-विद्वेष- दिशाते
१११	१	मते:	मुते:
१११	१	परिमल्लाहा	[illegible]
१११	१५	मम्मते ।	मम्मते ।
११४	१	मौद्गविस्मृति	मौद्गविद्वेष-
११५	११	हृत्स्वे: ।	हृत्स्वे: ।
११५	९	तेन	तेन
११	१५	मौत्मवतेः—	मौत्मवत्तनतेन—
११३	१	वामिव	वामिव
११९	२१	मिमिव	विमिवि
११	४	मनुकर्मेषे मासान्तरत्व ।	मनुकर्मेषे
१५१	१	कल्पस मुनि	कल्पसमुनि
१५२	२	रूप्यते	रूपमुद्रे
१ ९	९	मीठोज्य	मीठोज्यो
१८	(टिप्पण)	प्रार्थ विज्ञान वाचिकस्य	प्रार्थ विज्ञान-वाचिकस्य
१९		वाचीव	वाचीव
११८	११	वरेषैमे हलिता	वरेषैमेहलिता
२ ५	(टिप्पण)	मर्त मौखाम्यां	मन्त्मौखाम्यां
२१४	११	वाचिव	वाचिव
९२	१	पूर्वकिमेषे	पूर्वकिमेषे

પ્રાક્‌ કથન—

પ્રાતઃસ્મરણીય પવિત્રતર ન્યાયપક્ષધારી જૈનાચાર્યો અને ધર્મધુરંધર સાધુવરોએ રચેલી સાહિત્યની અમૂલ્ય કૃતિઓનો સમૂહ મારી ગ્રન્થાવલિના ત્રીજા પુષ્પ તરીકે જનતાસમક્ષ રજૂ કરતાં આજે મારા આત્માને જે અનહદ આનન્દ થઇ રહ્યો છે તે તો માત્ર અનુભવી શકાય પણ કહી શકાય નહિ!, પરન્તુ વાસ્તવિક રીતિએ આ ગ્રન્થરત્નને સર્વાંગ સમ્પૂર્ણ અને સુન્દર બનાવવાનો સુયશ પૂ. પા દક્ષિણ વિહારી મુનિરાજ શ્રીઅમરવિજયજી મહારાજના પરમવિનેય ન્યાયપક્ષધારી વિદ્વાન્ ગુરુદેવ શ્રીમદ્ ચતુરવિજયજી મહારાજનાજ ધ્યાન અને મમને ફાળે જાય છે.

આ અનેમર્થ સાહિત્યસંગ્રહ પ્રસિદ્ધ કરવાની ભાવના બે વર્ષ પહેલાંથી થયેલી, અને ચતુર્માસ દરમ્યાન પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજયનીતિસૂરિજી મહારાજને તે સમ્બન્ધી વાત કરતાં તેના પ્રકાશનના કાર્ય માટે ઉપદેશ આપીને આર્થિક મદદ આપવાની' અને પૂજ્ય ચતુરવિજયજી મહારાજ તથા મારા દરેક ગ્રન્થપ્રકાશનના કાર્યમાં પ્રત્યક્ષ અગર પરોક્ષ રીતે સહાયતા કરનાર પરમ નિરાભિમાની વયોવૃદ્ધ સાહેબ પ્રવર્તકજી કાંતિવિજયજી મહારાજના વિદ્વાન્ શિષ્યરત્ન શ્રી ચતુરવિજયજીના પરમવિનેય વિદ્વાન્ પૂ. ગુરુદેવ શ્રીપુણ્યવિજયજીની અમૂલ્ય સહાયથી આજ મૂર્તરૂપે એ ભાવના ફળી.

તેઓશ્રીની નિખાલસતા વિગેરે ગુણોથી આકર્ષાઈને મેં મારી તેથી તેમના ફોટાની રૂપરેખા દોરવા અને તેને ચિરસ્થાયી રાખવા આ અમૂલ્ય ગ્રન્થરત્નની સાથે તેને તેમની સંમતિ સિવાય જોડી દેવામાં આવે છે તે માટે તેઓશ્રી પાસે ક્ષમા માગું છું.

સારાભાઇ નવાબ.

પ્રસ્તુત ગ્રન્થમાં મુ. ગણિવિજયની અહિંસાના બીજને ઓતપ્રોત કરવામાં અગ્રભૂત પરમાર્હત કુમારપાળ ભૂપતિની તથા સિદ્ધરાજ જયસિંહદેવની વિનંતિથી સિદ્ધહેમવ્યાકરણના કર્તા કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજીના શિષ્ય શ્રી વર્ધમાનગણિની એકાદી એક કૃતિ તથા તેમના સમકાલીન શ્રી સિદ્ધપાલસૂરિની વિદ્વત્તાભરી કૃતિ અને બીજા અજ્ઞાત વિદ્વાનોની અત્યારસુધી અમુદ્રિત રહેલી કૃતિઓ પ્રસિદ્ધ કરવામાં આવી છે. આ વિષે વિશેષ ખુલાસો તો પ્રસ્તુત સંપાદકની પ્રસ્તાવનામાંથી મળી રહે તેમ છે.

આ પુસ્તક પ્રવચન ભગવાન્ પ્રભુ શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજને એજ કારણે સમર્પિત કર્યું છે કે—તેજ યુગપુરુષની નિર્મળ કૃતિના સાહિત્યસાગરમાંથી આવા અનેક ગ્રન્થરત્નોની ઉત્પત્તિ થએલી છે.

આ નિવેદન પૂરું કર્યા પહેલાં મારા સ્વર્ગસ્થ ચિરંજીવી ભરત કુમારનું મને સ્મરણ થઈ આવે છે. કારણ કે જે દિવસે આ ગ્રન્થ રત્નને મેં છપાવવાની શરૂઆત કરી હતી તેજ દિવસે તેનો જન્મ અને આ નિવેદન લખું છું તેજ દિવસે તેનું અવસાન થયે મને સૂચના આપી છે કે કર્મસત્તા અતુલ બળવાન છે માટે સારા કાર્યોને જલદી પૂર્ણ કરવાની કાળજી રાખવી જોઈએ.

અન્તે આ પવિત્ર મારા તરફથી બહુ થએલી આ ગ્રન્થાવલિના બીજા પુષ્પની અંદરના આ ગ્રન્થમાં આવેલી છે તે તથા આ ગ્રન્થોનો આદર ધાર્મિક લોકોના વિદ્વાનો કેવી રીતે કરે છે તે આ પુસ્તકના પાછળના ભાગમાં આપવામાં આવેલા "જૈનસ્તોત્ર સંદોહ ભાગ ૧ લા"ના અભિપ્રાયો વાંચવા માટે વાંચકોને ભલામણ કરી વિરમું છું.

પ્રકાશક—

સંવત ૧૯૯૧ } સારાભાઈ મણીલાલ નવાબ.
પોષ કૃષ્ણ પંચમી } નાગજી ભુદરની પોળ—અમદાવાદ.

ૐ

શ્રી ગિરનારાદિ પ્રાચીનજૈનતીર્થોદ્ધારક આચાર્યદેવ
શ્રીવિજયનીતિસૂરિજીની

ડુક

જીવન પ્રભા

આમુખ



સંખ્યાબંધ મહાત્મા પુરુષો કે જેમના હાથે ધર્મ મહાન ઉદ્યોત પૂર્ણ થયું છે અને સમાજની ધાર્મિક તેમજ નૈતિક દશામાં સુધારો થયો છે તેમના જીવનચરિત્રોમાં જેટલી મોહકતા રહે છે તેવી મોહક કલ્પિત ચરિત્રોથી નથી થતી.

ઉત્તમ પુરુષોના જીવનચરિત્રો અભ્યાસ કરવાથી ઉત્સાહ, ધર્મ અને ઉચ્ચ વિચારો, તેઓના પ્રત્યે બહુમાન અને ભક્તિની ભાવના વગેરે સર્વ બને છે. ઉત્તમ જીવનચરિત્રો એ એક પ્રકારનું ખાસ દર્પણ છે. આરીસા જો પોતાના ચહેરામાં કંઈ ખામી હોય તો તે આપણને દેખી નાખે છે અને ચહેરો સાફ કરે છે તેમ ઉત્તમ ચરિત્રરૂપ સ્વચ્છ આરસી જો પોતાના દોષોને ટાળવા તથા ગુણરૂપ બનને વિકસાવવા અત્યંત ઉપકારક છે. જે કામ આવી ઉપદેશથી નથી બનતું તે કાર્ય ઉત્તમ જીવનચરિત્રો સહેજે પાર પાડે છે.

જે ભારતીના શરીરમાં સર્વ શક્તિ આવી રહી હતી તે ભારતીયો ચેતન ઉઠી અર્ધ મૃતપ્રાય બન્યા છે પરંતુ યુગો સુધી તેમના સદાચારિત્ર દ્વારા પ્રમાણિત થયેલી નૈતિક અને બૌદ્ધિક સત્યોની પરંપરા, મહત્તા અને ગૌરવના ભાન પર દિવ્ય પ્રકાશ નાખ્યા પ્રતિ ભાવિ બાળકોને પણ તે સન્માર્ગે ચાલવાની પ્રેરણા અને ઉત્સાહ આપ્યા કરે છે.

ઉત્તમ જીવનચરિત્રો બતાવી આપે છે કે એક સામાન્ય મનુષ્ય પણ પોતાનું જીવન પ્રયાસથી ક્રમે ક્રમે કેટલી હદ સુધી ઉચ્ચ સ્થાને લઈ જઈ શકે છે અને કેટલી સુંદર અસર ઉપજાવે છે તથા ધર્મ અને તીર્થનું કેટલું મહત્વ વધારી શકે છે તે શાસ્ત્ર વિશારદ જૈનાચાર્ય શ્રીવિજયનીતિસૂરિજીના જીવનચરિત્રથી સાફ જણાઈ આવે છે ભાવ્યું! ૐ શાન્તિ



પરમપૂજ્ય પ્રાતઃસ્મરણીય આચાર્ય દેવેશ ૧૦૦૮
શ્રી વિજયનીતિસૂરીશ્વરજી મહારાજ



શ્રીજિનાગમાદિ પ્રાચીન જૈન તીર્થોદ્ધારક તથા પ્રાચીન જૈન
સાહિત્ય પ્રકાશન કાર્યમાં અનન્ય સહાયક અને ઉત્તેજક

બાળબ્રહ્મચારી-

શ્રીમાન્ વિજયનીતિસૂરીશ્વરજી મહારાજશ્રીની

ટુંક જીવનપ્રભા



જગતનું ક્ષેમ કરનાર અને જગતના જનોને જ્ઞાનરૂપી ચક્ષુઓ આપી ભવ ભ્રમણના ફેરા ટાળનાર શ્રી તીર્થંકર દેવોને હું પુનઃ પુનઃ નમસ્કાર કરું છું

જેઓ સૂર્યના કિરણોની માફક પોતાના શુદ્ધ જ્ઞાન રૂપ કિરણોથી અજ્ઞાન અંધકારનો નાશ કરે છે અને સમ્યક્ તત્વનો પ્રકાશ કરે છે એવા શ્રી સદ્ગુરુ દેવને હું વારંવાર નમસ્કાર કરું છું.

જે વિદ્વાનોના મુખ સરોવરમાં રાજહંસી સમાન ક્રીડા કરનારી તથા અજ્ઞાન કાલિમાને અને સંસારના તાપને દૂર કરવામાં મજ્જન સરિતા સમાન છે તે શ્રીમતી સરસ્વતી દેવી સદા જયવંતા વર્તો.

જીવનની ઉજ્જવળતા એ જ છે કે જીવનમાંથી મેલનો નાશ થયો હોય મોહરાજાને દેશવટો દીધો હોય અને આ અસાર સંસારની માયા જંજાળના જાળ જેવી છે એવો ખરો આભાસ અંતઃકરણમાં થયો હોય એવી સ્થિતિએ પહોંચેલ જીવનને વિરાગી એટલે રાગ રહિત જીવન કહેવાય છે આવી સ્થિતિએ પહોંચેલ મનુષ્ય અન્ય જનોનું જીવન સુધારી શકે છે અને પોતાના જીવનની પ્રભાનો પ્રકાશ પાડી સમાજને ઉચ્ચ માર્ગે આણે છે. ઉચ્ચ કોટીમાં તેવું જીવન દ્રષ્ટાંત રૂપ થઇ પડે છે જેમ કે ભવતાર મહિ અનુકરણીય છે તેવા

નદીઓના આચરણ શીખે છે નદીઓના વર્તનનું અનુકરણ કરે છે. નદીઓની કીર્તિ પ્રસાર પામે છે. આવા સંજોગોમાં મુમુક્ષુ મનુષ્યો જે સંસાર સ્વાર્થી થાય છે તેજ તેના જીવનની રેખા બને છે તેથીજ પવિત્ર જીવનચરિત્રો મનુષ્યને પવિત્ર બનાવે આથી અનુપમ-વાંચન-મનનના છે

મહાન પુરુષના જીવન પણ ક્રમે ક્રમે ચડતી ઊંચ ઉચ્ચોત્તમ પદને પ્રાપ્ત કરે છે તેથી સામાન્ય વ્યક્તિને આવા જીવનથી પોતાનો માર્ગ સુઝે છે. દરેક તીર્થંકર ભગવાન પણ પ્રથમના ભવમાં એક સામાન્ય વ્યક્તિ હતા. પરંતુ પોતાના વર્તન, વિચાર અને આચરણમાં જેમ જેમ નિસ્વાર્થ ઉપયોગી પવિત્ર રજકણો ભરાતા ગયા તેમ તેમ જીવનની સિદ્ધિ નિકટ થતી ગઈ અને કર્મોનો ક્ષય કરી પરમાત્મ સ્વરૂપને પ્રાપ્ત કરી શક્યા હતા. આવું ઉત્તમ જીવન સંપાદન કરવામાં ઘણા આવરણો આવી નડે છે અને ઘણી કસોટીમાંથી પસાર થવા પામ્યા બાદ તે દશા પ્રાપ્ત થાય છે. તે કસોટીનો કાળ તે નિર્મળ જીવનની કથા છે

અહિં જે મહાપુરુષનું જીવન-ચરિત્ર આલેખાયું છે. તે જીવન પણ સંસારી અવસ્થામાં સંસાર સાગરથી પસાર થતું થતું થાય છે.

શ્રીમાન વિજયનીતિસૂરિજી મહારાજનો જન્મ ગુજરાતમાં આવેલ ચાંપાનેર શહેરમાં આસપુરા દેસાઈઓમાં શ્રી કુટુંબમાં શ્રીયુત કુશળચંદભાઈ નેમચંદની ધર્મપત્ની ચોથીબાઈ માતાના ઉદરથી સંવત ૧૯૨૩ ના પોષ સુદ ૧૧ને દિવસે થયો અને તેઓશ્રીનું નિહાલચંદ એવું નામ રાખ્યું. પૂર્વ કર્મના યોગથી સાધુ(?) ઉચ્ચ કુળમાં જન્મ ધારણ થાય છે. આર્ય દેશ, ઉત્તમ કુળ, જૈન ધર્મ એવી ઉત્તમ સામગ્રી મળવી દુષ્કર છે આપણા ચરિત્ર નાયકને એ સર્વ વસ્તુઓની પ્રાપ્તિ થઈ હતી.

નિહાલચંદભાઇને બીજા ત્રણ ભાઇઓ અને બે બ્હેનો હતાં એટલે તેમની બાળવય મ્હોટા કુટુમ્બમાં પસાર થઇ હતી. બાળવયમાં તેમને કોઇની સાથે વધારે પડતું બોલવું કે અન્ય છોકરાઓની સાથે રમતગમતમાં હાજર થવું એ આદત બીલકુલ નહોતી. લગભગ ૭ વરસની ઉમ્મર થતાં વાંકાનેર તાલુકા સ્કુલમાં અભ્યાસ કરવા માટે દાખલ કરવામાં આવ્યા. એટલી નાની વયમાં જૈનશાળામાં જૈન ધર્મનું શીક્ષણ લેતા. પણ હરરોજ સવારમાં વ્હેલા હાજર થઇ જતાં. કુશાગ્ર બુદ્ધિમત્તાથી ૧૨ વર્ષની વયમાં ગુજરાતી ૭ ધોરણ પુરાં કર્યાં અને ઇંગ્લીશ સ્કુલમાં દાખલ થયા. ઇંગ્લીશ ચાર ધોરણ પૂરાં કરી સ્કુલ છોડી દીધી. નિહાલચંદભાઇને માટે હેડમાસ્તરે તેમના પિતાશ્રીને આગ્રહ કર્યો કે તમારા આ પુત્રને પૂરો અભ્યાસ કરાવો કારણ કે તેનામાં એવા ઉત્તમ લક્ષણો તથા બુદ્ધિ છે કે જેથી તે ભવિષ્યમાં તમારા કુળને અજવાળ દીપાવશે. પરંતુ શ્રી. નિહાલચંદભાઇનું મન વૈરાગ્યમાં મગ્ન થવાથી વ્યવહારીક અભ્યાસ આગળ વધારવા તેમની ઇચ્છા ન હતી. પણ પોતાના આત્માનું સાધક કરવા તત્પર રહેતા હતા. તેથી હમેશાં ધર્મનું શિક્ષણ લેવું, દેવદર્શન કરવાં, અને જો કોઇ મુનિવરનો જોગ થાય તો તેમની પાસેથી આત્માનું કલ્યાણ થાય તેવો ઉપદેશ સાંભળવો આ તેમનો નિત્યક્રમ હતો. ચાર ધોરણ સુધી ઇંગ્લીશ અભ્યાસ કર્યો તેની સાથે પાંચ પ્રતિક્રમણ અને બીજા ગ્રંથો પણ તૈયાર કર્યા હતા.

ઉભય ટંક આવશ્યક કરવા પૂજા કરવી વગેરેમાં ક્ષતિ પડવા-આવતા નહીં વળી વખતોવખત આવતાં જતાં મુનિવરોની સેવા શુશ્રુષાથી તથા તેમના સમાગમથી તેમના ઉપદેશાદિકથી તેમનો આત્મા વસ્તુને વધુ નિર્મળ બનતો ગયો. અને આ સંસારમાં રહેવું દુઃખમય છે એવું તેમને ચોક્કસ ભાન થયું. અને હવે આ સંસાર કારાગાર માંથી કેમ મુક્ત થવું એ વિચારણા કરવા લાગ્યા આખરે લાંબા વિચારથી દ્રઢ નિશ્ચય કર્યો કે ચારિત્ર ધારણ કરવું પણ જો વતનમાં રહીશ તો મુરાદ પાર પડશે નહીં તેથી

આમ રીતે ગુજરાતમાં જતા રહ્યા. નાની વયમાં લાલજીને નહોતો અભ્યાસ તેમજ ધર્મ ઉપર પૂરી પ્રીતિ જોઈ ગુજરાતની મોટા શહેરમાં ધર્મનિષ્ઠ ગૃહસ્થો અને આચાર્યશ્રીથી નિષ્કુળાનંદસ્વામી અને ધાર્મિક પુસ્તક વાંચ્યાં અને વિવિધ અભ્યાસની તમામ સગવડ કરી દેવામાં આવી. દરમ્યાનમાં સંસારી એમના વડીલભાઈ મેઘજીભાઈ જનોએ તેમને શોધી, સમજાવીને પાછા ઘેર લઈ ગયા. પરંતુ ફરી લાગ મળતાં તેઓ ઘર ત્યાગ કરી ચાલ્યા ગયા. આ પ્રમાણે બે ત્રણ વખત ઘરથી સંસારી કાર્યમાં પ્રવૃત્ત કરવા માટે છેલ્લી વખતે શાસ્ત્રોપામાં એક ભાઈસાહેબ એમનજી વકીલ શ્રી લક્ષ્મીચંદ શાહને ત્યાં સારા દરજ્જાથી ક્લાર્ક તરીકે દાખલ કરવામાં આવ્યા. પણ એમના આત્મામાં આધ્યાત્મિક નિશ્ચય થઈ ગયો હતો. તેને કોઈપણ સંસારી કામ પ્રત્યે લાગણી નહોતી. શાસ્ત્રોપામાં ચોથી વખત રહી ફરી પાછા ગુપ્તપણે ગુજરાતમાં જતા રહ્યા અને કોઈપણ વ્યક્તિને માલુમ ન પડે તેવી રીતે ત્યાગાશ્રમનો અભ્યાસ કરવામાં રોકાયા.

નિષ્કુળાનંદસ્વામીનું કુટુંબ ગમ્યું હતું અને ગમ્યું પૂરું પાલન કરવાપણું હતું. તેથી તેઓએ વિચાર્યું કે નિષ્કુળાનંદસ્વામી કોઈપણ રીતે સંસારમાં રહેવાના નથી અને આપણું તે કાર્યમાં આપે તેઓ મહેનત કરશું તે વ્યર્થ જવાની છે. માટે હવે તેના શુભ કાર્યમાં અંતરાય પાડવો નહિ. આ વખતે તેમના માતાપિતા હયાત હતા.

સ શાસ્ત્રીજીમહારાજ નિષ્કુળાનંદસ્વામી તેમના ધર્મપ્રેમી મિત્રોને વારંવાર કહેતા કે —

મનુષ્ય જન્મ વારંવાર મળતો નથી. મહાપુણ્યના યોગે આવો ચિંતામણિ રત્ન સમાન આ માનવ દેહ મળ્યો છે. માટે તેનો યોગ્ય ઉપયોગ કરવો એ બુદ્ધિમાનનું કામ છે. જેમ સર્વનો દેહ અને આયુષ્ય થયા જ કરે છે તેમ આ આત્મા પણ સંસાર માંહે વારંવાર દેહ ધારણ કરી જન્મ મરણ કર્યા જ કરે છે. પણ પરમ તે એવું

થવું જોઇએ કે ફરીવાર જન્મ મરણ થવાનો વારો ન આવે. જ્યાં સુધી આ દેહમાં આત્મા છે ત્યાં સુધી જન્મ મરણના ફેરા ટાળવા માટે આત્માનું ભલું કરવા ધર્મનું શરણ લઇ કોઇપણ શુભ કામ કરી લેવું જોઇએ. કારણ કે કાળની કોઇને ખબર નથી."

નિહાલચંદભાઇનું અંતઃકરણ કોમળ શુદ્ધ અને નિખાલસ હતું તેથી દેહની અસ્થિરતા બરાબર સમજી સંસાર તરફની મોહમાયા તદ્દન નષ્ટપ્રાયઃ થઇ ગઇ અને આ સંસારનો ત્યાગ કરી ચારિત્ર ગ્રહણ કરવાની ભાવના થઇ ગઇ. શ્રીમંત અને ખાનદાન કુટુંબનો સગીર ઉમરનો પુત્ર સંસારી સમાજમાં કોઇપણ જાતની ન્યૂનતા નહીં છતાં જ્યાં ચારિત્ર લઇ શકશે નહીં એ વાત જનમંડળીએ જાણવાના ભયથી પોતે કરેલો દ્રઢ નિશ્ચય પોતાના કુટુંબના કોઇપણ માણસને જણાવ્યો નહીં

જે મનુષ્યનો સંસાર ઉપરથી મોહ નષ્ટ થાય છે તે મનુષ્યને સંસાર ખારા જળ જેવો લાગવાથી તેને ધર્મ સિવાય બીજું કાંઇપણ પ્રિય લાગતું નથી.

નિહાલચંદભાઇ વખતોવખત વડીલોની આજ્ઞાને માન આપતા. કોઇ વખતે તેઓએ વડીલોની આજ્ઞાનું ઉલ્લંઘન કરેલું નહીં પરંતુ ચારિત્ર લેવામાં વડીલોની આજ્ઞાની જરૂર જણાતાં તેઓ બહુજ મુંઝવણમાં પડ્યા. તોપણ તેઓએ શ્રીમદ્ જૈનાચાર્ય વિજયસિદ્ધિસૂરિજીને ચારિત્ર આપવાને નમ્રસ્વરે વિનંતિ કરી. શ્રીમદ્ આચાર્ય મહારાજે ઉત્તર આપ્યો કે જૈન શાસ્ત્રના ફરમાન મુજબ માતપિતા અને વડીલજનોની આજ્ઞા સિવાય કોઇપણ વ્યક્તિને અમારાથી ચારિત્ર આપી શકાય નહીં. માટે તમારા માત–તાતની સંમતિ મેળવીને આવો એટલે યોગ્ય તજવીજ કરશું. આવો ઉત્તર સાંભળીને શ્રીયુત નિહાલચંદભાઇના અંતઃકરણમાં ખૂબ જ આઘાત થયો. અને હવે કયો રસ્તો લેવો, તેનો વિચાર કરવા માંડ્યો. વતનમાં જવાથી માતપિતા સ્વ

આપે તેઓ સંમત નહતા. જેથી ત્યાં ગયા પછી પાછું આવવું પણ મુશ્કેલ હતું. તો પણ જેમ જેમ વખત પસાર થતો ગયો તેમ તેમ ચારિત્ર ધારણ કરવાનો નિશ્ચય દૃઢ થતો ગયો. ઉત્તમ પુરૂષો જે નિશ્ચય કરે છે તે પુરેપુરો વિચાર કરીને જ કરે છે.

દોહરો —

કામ કરે વાણા કરે, કરે નદીના પૂર,
ઉત્તમ બોલ્યા ન ફરે, પશ્ચિમ ઉગે સૂર.

ચારિત્ર ધારણ કરવાનો દૃઢ નિશ્ચય કરી એક માણસને સાથે લઇ ને પેલે કાઉસગ્ગ જવા માટે નીકળ્યા. ત્યાં આગળ દેરાસરજીમાં પ્રભુની પૂજા આદિ પૂર્ણ કરી ત્યાંથી મહેસાણા ગામ તરફ પ્રયાણ કર્યું. રસ્તામાં એક ગામ બહાર નીચે પોતે પહેરેલા સંસારી વસ્ત્રોને ઉતારીને પોતાના હાથથી સંવત્ ૧૯૪૯ ના અષાડ સુદી ૧૧ સોમવારે વેશ કરી સાધુવેશ ધારણ કર્યો, અને સંસારી વસ્ત્રો સાથે આવેલા માણસ નિહાલચંદ પારેખને સુપ્રત કર્યાં અને તેઓથી મહેસાણા ગામમાં આવ્યા અને તે ચોમાસું મહેસાણામાં પૂર્ણ કર્યું

ચોમાસું પૂર્ણ કર્યા બાદ વિહાર કરી ઉંઝા ગામે ગયા. ત્યાં બિરાજતા મુનિરાજશ્રી કાંતિવિજયજી મહારાજે સં. ૧૯૪ ના કાર્તિક વદી ૧૧ રવિવારે પન્યાસશ્રી ભાવવિજયજીના નામથી દીક્ષાની વિધિપૂર્વક ક્રિયા કરાવી.

ઉંઝાથી વિહાર કરી તેઓશ્રી પાલનપુર ગયા. ત્યાં પન્યાસશ્રી પ્રતાપવિજયજી તથા આચાર્યશ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી જેવા હતા. તેથી તેઓ માંડલીયા (વડી દીક્ષાના) જોગમાં પેઠા. સં.૧૯૫૦ના મહા સુદ ૪ ગુરુવારે શ્રીપોર ગામમાં પન્યાસ પ્રતાપવિજયજી પાસે વડી દીક્ષા લીધી અને શ્રી નીતિવિજયજી નામ રાખવામાં આવ્યું. વડી દીક્ષાની ક્રિયા વખતે સાહ ચાલતગામ પાનાચંદ તરફથી એક અષ્ટાપદ વિગેરે પવિત્ર તીર્થોની રચના કરવામાં આવી હતી. તથા સાહ કસ્ત

વાડીલાલ તરફથી ઉજમણાની શરૂઆત થઈ અઠ્ઠાઈ મહોત્સવના ઉત્સવે દિવસ બાદ શા. મલુકચંદ પાનાચંદ તરફથી આખા ગામને (અઢારે નાતને) જમાડી હતી. ઉપરના શુભ કાર્યોમાં ઉપર જણાવેલ ધર્મ પ્રેમી ગૃહસ્થો તરફથી પંદર હજાર રૂપીઆનો ખર્ચ કરવામાં આવ્યો હતો અને દરેક ખાતામાં સારી ઉપજ થઈ હતી

ચાતુર્માસ માટે વિજાપુરના આગ્રહથી તેઓશ્રી વિજાપુરમાં પધાર્યા. ત્યાંના શેઠ નથુભાઈને ત્યાં બેચરભાઈ કરીને પ્રેમ રહેતા હતા તેમનો આત્મા વાસિત થયેલ હોઈને મહારાજશ્રીના પરિચયમાં આવ્યા અને તેઓ તથા દલાભાઈ એમ બન્ને જણાએ મહારાજશ્રી પાસે પ્રકરણ તથા વ્યાકરણાદિકનો અભ્યાસ શરૂ કર્યો. જ્યારે વૈરાગ્ય પામવાથી સંસાર ત્યાગ કરી દીક્ષા ગ્રહણ કરી. બેચરભાઈનું નામ બુદ્ધિસાગરજી રાખવામાં આવ્યું (પાછળથી જેમને આચાર્ય પદવી મળી હતી તે) તથા દલાભાઈનું નામ દાનવિજય રાખ્યું. એ રીતે સં. ૧૯૫ નું ચોમાસું વિજાપુરમાં કર્યું

ચોમાસું પૂર્ણ થયા બાદ વિહાર કરી અનુક્રમે રાજનગર (અમદાવાદ) ગયા. ત્યાં પ્રથમ શેઠ વીરચંદ દીપચંદની હવેલીમાં સ્થિરતા કરી પણ સુધારની પોળવાળા ભાઈઓનો આગ્રહ થવાથી સુધારની પોળના જૈન ઉપાશ્રયમાં સં ૧૯૫૬નું ચોમાસું પૂર્ણ કર્યું.

ચોમાસું પૂર્ણ થયા બાદ વિહાર કરી અમદાવાદ આસપાસના તીર્થો તથા તારંગાજી કેસરીયાજી વિગેરે તીર્થોની યાત્રા કરી દીક્ષા લીધેલ ગામ મેરવાડામાં દેરાસરજીના ધ્વજ દંડનો મહોત્સવ હોવાથી તેમાં સામેલ થયા. તે ક્રિયા પૂર્ણ થયા બાદ સિદ્ધપુર ગયા. ત્યાં ઉપધાન કેર્યાં ક્રિયા કરાવવા માટે રોકાઈ પાલમ તીર્થની યાત્રા કરવા ગયા. તે તીર્થની યાત્રા કરી ઉમતા ગામે આવ્યા. ત્યાં સમાચાર મળ્યા કે મહારાજ શ્રી ગુમાનવિજયજી સખ્ત બિમાર છે તેથી તેમની વૈયાવચ્ચ કરવા નિમિત્ત તુરત અમદાવાદ ગયા. (જૈન વા ૮)

મુમાનવિજયજી મહારાજની બીમારી લગભગ ૭ માસ પર્યંત ચાલવાથી તે ચોમાસું અમદાવાદ કરવા નક્કી થયું.

ચોમાસાના વ્યાખ્યાનમાં મુખ્યત્વે શ્રી સિદ્ધાચલ મહાત્મ્ય વંચાવવામાં આવ્યું અને પવિત્ર તીર્થગિરિરાજની વિધિપૂર્વક યાત્રા કરનારને તથા કરાવનારને કેટલો મહાન્ લાભ થાય છે તે સમજાવ્યું. એ રીતે સં. ૧૯૫૨ નું ચોમાસું પણ અમદાવાદમાં પસાર કર્યું.

ત્યાંથી વિહાર કરતી વખતે મહારાજશ્રીના ઉપદેશથી ઠાકરની પોળવાળા શાહ મોતીલાલ વીરચંદ ચાલીસહજાર ખરચીને શ્રી સિદ્ધાચળજીનો સંઘ કાઢવાની તીવ્ર અભિલાષા થઈ અને તેઓએ પન્યાસ શ્રી પ્રતાપવિજયજીની સમક્ષ સંઘ કાઢવાની પ્રતિજ્ઞા પૂરા ઉત્સાહપૂર્વક લીધી. ત્યાંથી મહારાજશ્રી વિહાર કરી ઉમતા ગયા અને ત્યાંથી વીસનગર ગયા. દરમ્યાન અમદાવાદથી સંઘ નીકળવાનો હતો તેમાં પધારવાની વીનતી થતાં તેઓશ્રી અમદાવાદ આવ્યા અને સાધુસાધ્વીરૂપ ચતુર્વિધ સમુદાયની સાથે સિદ્ધાચળજીની યાત્રા કરવા માટે સંઘની સાથે વિહાર શરૂ કર્યો. રસ્તામાં જ્યાં જ્યાં મુકામ થતો ગયો ત્યાં ત્યાં ભવ્ય જનોને ઉપદેશ દેતા શ્રી સિદ્ધાચળજી પહોંચ્યા અને સંઘની સાથે દાદાના પવિત્ર દર્શન કર્યાં.

સિદ્ધાચળજીની યાત્રા કરી તેઓશ્રી પાટણ ગયા. પાટણમાં આવતાં ત્યાંના સંઘ તરફથી ચોમાસાની વિનતી થતાં ક્ષેમસીના પાડાના ઉપાશ્રયે ચોમાસું રહ્યા. આ ગામમાં ઘણો વખત થયા ભાઈઓમાં ક્લેશ હતો તે દિવસે ક્લેશથી જેવાં માઠાં ફળ થાય છે આદિ સિદ્ધિ નષ્ટ થાય છે અને આત્મનું અહિત થાય છે તે વ્યાખ્યાન દ્વારા સમજાવવાથી અંદરનો ક્લેશ નષ્ટ થતાં સૌ હળીમળીને રહેવા લાગ્યા.

શ્રાવણ સુદ ૪ એટલે મહીના પછી મહારાજ શ્રી નીતિવિજયજીએ આઠ કરી (આઠ ઉપવાસ) તે વખતે ક્ષેમસીના પાડાવાળાઓએ મહોત્સવ શરૂ કર્યો. તપસ્વીના પારણા નિમિત્ત ચાકર

તેરશી કુશળચંદ નેણસીભાઈ (મહારાજશ્રીના સંસારી પિતા) કે જેનો લાભ લેવા આવેલ મોહની પ્રબળતાથી સંસારી સ્નેહની લાગણી તેમને થઈ આવી તે પિછાની મહારાજશ્રીને જણાઈ ગઈ અને તેથી વ્યાખ્યાનમાં પ્રસંગોપાત તેમણે જણાવ્યું કે—

“આ જગતમાં ધર્મ વિના બીજું કંઈ સારભૂત નથી ધર્મતરૂ છત્ર નવ નિધાન, સ્વર્ગ અને મોક્ષને પ્રાપ્ત કરે છે માટે કુબુદ્ધિનો ત્યાગ કરી, આત્માના કલ્યાણ માટે ઉપયોગ કરવો યોગ્ય છે આ મનુષ્યજન્મ વારંવાર મળનો નથી, અને તેમાં પ્રાપ્ત થયેલ કુટુંબ, પરિવાર, માત પિતા પુત્ર સ્ત્રી, ભાઈ બ્હેન વિગેરે એક જાતની માયા છે જેમ વાદળની છાયા વિજળીનો ચમકારો, અને જળના તરંગોને નાશ પામતાં વાર લાગતી નથી. વળી સાંજે એકત્ર થયેલો પક્ષીનો મેળો પ્રભાતે વિખરાઈ જાય છે તેવી રીતે સૌ કુટુમ્બ પરીવાર વિખરાઈ જતાં વાર લાગતી નથી. જગતમાં સૌ સ્વાર્થનું સગું છે માટે સમજુ માણસો એવા ફાંસલામાં નહીં ફસાતાં પોતાના આત્માનું કલ્યાણ કરવા તત્પર થાય છે મારૂં મારૂં જગતમાં સૌ કરે છે પણ તૃષ્ણાની અગ્નિથી બાળીને ઉંઘામાં ઉંચી કીમતીનું ચિંતામણી રત્ન પણ અહીંઆ મુકીને ખાલી હાથે જવું પડે છે માટે ખોટી માયામાં શું મુંઝાવું ! જે શરીરને હમેશાં શણગાર કરીએ તેની ચિંતા રાખીએ છતાં તેને પણ એક દિવસે બાળીને જવું પડે છે તો પછી બીજા પરીવારમાં શો મોહ કરવો ! માટે દેહની અંતર્ગત રહેલા આ આત્માનું હિત કરવું એ ઉત્તમ પુરૂષનું કર્તવ્ય છે તેનું હિત થવાથી જન્મ મરણના ફેરા ટળે છે આત્મા અમર છે તે કોઈ કાળે મરતો નથી. પણ તેનું શુભ કરેલાં સર્વ કર્મો જ્યારે ક્ષય થાય છે ત્યારે તે શિવપદને વરે છે જે આત્મા આ સંસારની મોહજાળમાં લપટાય તો આત્મભાન ભૂલી અનેક કષ્ટો ભોગવવા પડે છે પણ જ્યારે આત્માનું ખરૂં સ્વરૂપ સમજાય છે આત્મા સત્-ચિત્-આનંદમય છે અને જગ ત્ની સર્વ ઉપાધિ માત્ર દુઃખમય છે એવું જ્યારે તેને ભાન થાય છે

ત્યારે તે આત્માને જગતના ભાવ ભાવો સ્પર્શ કરી શકતા નથી. માટે હે ભવ્યજનો ! આ સંસારની મોહજાળ આત્માનું અતિ અહિત કરનાર છે. એવું જાણી રત્નચિંતામણિ સમાન એવા જૈનધર્મનું ખરા હૃદયથી સેવન કરો. તે વિના આત્માનો વાસ્તવિક ઉદ્ધાર નથી.

મહારાજશ્રીના સંસારીપણાના પિતાશ્રીને એમને સર્વ સંઘને આનંદ થયો અને સર્વ જનો બોલવા લાગ્યા કે ધન્ય છે આવા કુળને કે જેની અંદર આવા મહાપુરુષનો જન્મ થયો છે.

એ રીતે સં. ૧૯૫૩ નું ચાતુર્માસ ખૂબ મહારાજશ્રીએ પાટણમાં પસાર કર્યું.

પાટણમાં ચોમાસું પૂર્ણ થયા બાદ શ્રીપેથાપુરના શેઠ મગનલાલ શા ખુશાલચંદના પુત્ર મોહનલાલ ઉજમણાના મહોત્સવ પ્રસંગે પધારવાની વિનતી કરવા આવ્યા. તેથી માગશર વદ ૩ ના રોજ વિહાર કરી શ્રીપેથાપુર ગયા. ત્યાં ઉજમણાના મહોત્સવની તથા પંચતીર્થોની રચના થઈ. તેમાં શ્રી સિદ્ધાચલજી ગિરનારજી આબુજી સમેતશિખરજી અને અષ્ટાપદજી એ પાંચ તીર્થોની રચના કરવામાં આવી. મહોત્સવમાં સંઘ તરફથી આઠ દિવસ સુધી રસોડું ખુલ્લું મુકવામાં આવ્યું હતું. આસપાસના ગામોમાંથી તથા મોટા શહેરોમાંથી લગભગ ૭ હજાર માણસો દર્શનાર્થે આવ્યા હતા અને આશરે દશહજાર રૂપીઆનો ખર્ચ થયો હતો. એ પ્રમાણે સં. ૧૯૫૪ નું ચોમાસું શ્રીપેથાપુરમાં થયું.

ત્યાંથી વિહાર કરી અમદાવાદ પધાર્યા ત્યાં ચોમાસા દરમ્યાન અને ત્યાર પછી પણ બંને સમય રહી શ્રીભગવતીજીસૂત્ર સાથે વાંચ્યા. બાદ દશવૈકાલિક વિગેરે ઘણા સાધુઓને તેનું મનન કર્યું. બોધનો લાભના અનુસાર લોકોની હંમેશ સાત કલાક સુધી વાંચન ચાલુ રાખવામાં આવ્યું એ રીતે સંવત ૧૯૫૫ નું ચોમાસું અમદાવાદમાં સમાપ્ત કર્યું.

તે સમયે વડનગરમાં કાલજ્વર ફેલાયા. જેઓ જૈનધર્મથી વિમુખ હતાં જોઇ ત્યાંના આગેવાન ગૃહસ્થ શેઠ નગીનદાસ ઘેલાભાઈ તથા શાહ વીરચંદ ખેમચંદ ત્યાં પધારવા અને ચાતુર્માસ રહેવા માટે વિનતી કરવા આવતાં, મહારાજશ્રી વિહાર કરી વડનગર ગયા. જે જૈનોની પૂર્વે કરોડોની સંખ્યા હતી, તેજ જૈનો દિન પ્રતિદિન ઘટતા જાય છે તેમાં પણ ગુજરાત જેવા ધર્મ પ્રેમી પ્રદેશમાં. આવી સ્થિતિ અફસોસ જનક છે આ ગામે ચોમાસામાં દરમ્યાનમાં વ્યાખ્યાન વાંચવાનું શરુ રાખવામાં આવ્યું હતું અને જૈનધર્મના સેવનથી તેના કેવા શુભ ફળ મળે છે તે દરેક શ્રોતાઓને સમજાવવામાં આવતું હતું. આથી સમાજમાં સારી જાગૃતિ આવી. ચોમાસા દરમ્યાન ગામમાં કોલેરા (બીમારી) નો રોગ પુરા જોસમાં ફાટી નીકળેલ હતો ૮ મ ણુ થયા અન્ય દર્શનીઓમાં ૪ મરણ થયાં. પરંતુ જૈન શાસનના પવિત્ર પસાયથી એક પણ જૈનનું મૃત્યુ થયું નહીં જેથી અન્ય ધર્મીઓ પણ જૈનધર્મનો આવો પ્રભાવ જોઈ અનુકરણ કરવા લાગ્યા. એ રીતે સં. ૧૯૫૬ નું ચોમાસું વડનગરમાં પુર્ણ થયું

ચાતુર્માસ પૂર્ણ થયા બાદ ઉમતા વિગેરે ગામોમાંથી વિહાર કરીને પાટણવાળા સંઘવી વધુ ખેમચંદ તરફથી વિનતી આવતાં વિહાર કરી પાટણ ગયા અને ત્યાં ઉજમણાનો ભવ્ય મહોત્સવ થયો. જેમાં સંઘવી તરફથી સારા પ્રમાણમાં દ્રવ્યનો વ્યય થયો. તે વખતે સુરતથી ખબર મળ્યા કે શ્રીમદ્ આચાર્યસિદ્ધિશ્રી ૧૫૨છ અમરતી-સ્થના નગરમાં બેઠા છે તેથી મહારાજશ્રી વિહાર કરી સુરત ગયા અને ત્યાં ચોમાસું નક્કી થયું એ પ્રમાણે સંવત ૧૯૫૭ નું ચાતુર્માસ પૂર્ણ થયું.

ચોમાસું પૂર્ણ કરી વિહાર કર્યો અને માગસર સુદ ૨ ના રોજ વીજાપુરવાળા વીસાશ્રીમાળી ડાહ્યાભાઈ ઉત્તમચંદને દિક્ષા આપી તેમનું નામ દાનવિજયજી રાખવામાં આવ્યું. ત્યારબાદ છાણીમાં માહના

સંઘની વિનતી માનવાથી શ્રી સંખેશ્વર તીર્થની યાત્રા કરી વેજલપુર, મેસાણા થઈ પધાર્યા. ત્યાં શ્રી જયપુરવાળા વાડીલાલ તથા પાટણ વાળા કુંવરજીને દિક્ષા આપી. નામ અનુક્રમે શ્રી રવિવિજયજી તથા હર્ષ વિજયજી રાખવામાં આવ્યા. ઘણોતથી વિહાર કરી રાજનગર પધાર્યા. ભોયણીજીની યાત્રા કરી ઈડર ગયા. ત્યાં વાસ કલ્પ કરી જૈનધર્મની ઉન્નતિ કરી ઉમરેઠ ગયા ત્યાં વિશેષ લાભ થયો. કારણ કે વ્યાખ્યાન વખતે મોટી સંખ્યામાં સ્થાનકવાસીઓ આવતા અને ઉત્સાહ પૂર્વક વ્યાખ્યાનનો લાભ લેતા. તેમાં પણ મહતીઆ પુંજાભાઈ તથા મિસ્ત્રી લલ્લુભાઈ દઢ સમ્યક્ત્વધારી થયા અને તેની સાથે બીજા ઘણા સ્થાનકવાસી ભાઈઓ તેમનું અનુકરણ કરી તેમજ ઘણા ભાવસાર વગેરે લોકોએ પણ લાભ લઈ ઉજમાળું કર્યું. એ રીતે સં. ૧૯૫૮ નું ચોમાસું ઉમરેઠમાં સમાપ્ત થયું.

ત્યાંથી વિહાર કરીને અમદાવાદના સંઘની વિનતી થવાથી અમદાવાદ પધાર્યા. ત્યાં ઝવેરી છોટાલાલ વાલુભાઈની વિનતીથી સિદ્ધાચળ જવા સંઘની સાથે વિહાર શરૂ કર્યો. અનુક્રમે શ્રી સિદ્ધાચળ પહોંચ્યા. ત્યાં સંઘની સાથે શ્રીસિદ્ધગિરિના દાદાને ભાવપૂર્વક ભેટવા ભાગ્ય સંઘની તરફથી સારા પ્રભાવનાનાં કામો થયાં. તે વખતે અમદાવાદ રહેવાના ઉપાશ્રયમાં જ્ઞાનની આશાતના થતી જોઈ સંઘના આગેવાનો શેઠ મનસુખભાઈ ભગુભાઈ શેઠ શ્રીમનભાઈ (અનાભાઈ સારાભાઈના મામા) તથા શેઠ મણીભાઈ ઉમાભાઈ પાસે આવ્યા અને જ્ઞાનની આશાતના થાય છે તે હકીકત મહારાજશ્રીને જણાવી અને તે દૂર કરાવવા વિનતી કરી. મહારાજશ્રીએ ત્યાંથી વિહાર કરી શેઠો ગુરુની શ્રી તારંગાજીની યાત્રા કરી વડનગર આવ્યા અને ત્યાંથી અમદાવાદ આવી રહેવાના ઉપાશ્રયે સ્થિરતા કરી. વ્યાખ્યાન દ્વારા સર્વ સંઘને જણાવ્યું કે જ્ઞાનની આશાતના થવાથી પ્રાણીને કેવા મહાન કર્મો ભોગવવા પડે છે. તે જાણ્યા છતાં પણ આશાતના ટાળવા પ્રત્યે ઉપેક્ષા રાખો છો તે

પૂજ્ય આચાર્યમહારાજ કે જે સદા તમારા આત્માના કલ્યાણ માટે જ્ઞાનાભ્યાસના ઉત્તમ માર્ગે તમને ખાસ ભલામણ છે. મહારાજશ્રીના ઉપદેશથી થોડા વખતમાં સર્વે તમામ જ્ઞાનના પુસ્તકોને સુધારા પર લાવી યોગ્ય વ્યવસ્થા કરી આશાતનાની બીક દૂર કરી. એ રીતે સં ૧૯૫૯નું ચોમાસું અમદાવાદ પૂર્ણ કર્યું

સુરતવાળા ઝવેરી નગીનદાસ મંછુભાઈ વીનતી કરવા આવતાં વિહાર કરી ત્યાં ગયા. ત્યાં શેઠના દેરાસરજીમાં શ્રીવિજયસિદ્ધિસૂરિજીની સાથે પ્રતિષ્ઠા કરાવી. સુરતમાં ગોપીપુરાના આગેવાન શાહ સુરચંદ ઝવેરી નગીનદાસ ઝવેરચંદ વિગેરેના આગ્રહથી ગોપીપુરામાં નેમુભાઈની વાડીના ઉપાશ્રયમાં ચોમાસા માટે સ્થિરતા કરી અને અષાડ સુદ ૬ થી ભગવતી સૂત્રના યોગમાં પેઠા. એ પ્રમાણે સંવત્ ૧૯૬૦ નું ચોમાસું સુરતમાં પૂર્ણ કર્યું

સુરતમાં સં ૧૯૬૧ ના માગસર સુદ ૫ ના રોજ મહોટા મુનીઓ તથા સંઘ સમક્ષ ગણીપદ આપવામાં આવ્યું. ચોમાસા દરમ્યાન રાંદેર વાળાની વારંવાર વીનતી આવવાથી ચોમાસું પૂર્ણ થયા બાદ વિહાર કરી રાંદેર ગયા. ત્યાં પોષ માસ સુધી સ્થિરતા કરી ઉપધાન તપની ક્રિયા કરાવવામાં જોડાયા ત્યાં અમદાવાદ વાળા શાહ સેનાભાઈ ચુનીલાલ તરફથી શ્રી ભોયણીજીમાં ઉજમણાના મહોત્સવમાં આવવા વિનતી થતાં વિહાર કરી શ્રી ભોયણીજી ગયા. મહોત્સવનું કામ પૂર્ણ કરાવવામાં આવ્યું. ત્યાંથી વિહાર કરી પાલી તાણે ગયા અને સંવત્ ૧૯૬૧ નું ચાતુર્માસ પાલીતાણે પૂર્ણ કર્યું.

પાલીતાણામાં સં. ૧૯૬૨ ના કારતક વદ ૧૧ રવીવારે પૂજ્ય શ્રી વિજયસિદ્ધિસૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે સંઘ સમસ્ત તથા પંન્યાસ આણંદવિજયજી તથા [illegible] સમક્ષ પંન્યાસ પદવી અર્પવામાં આવી. તે સમયે ઓચ્છવ સુરતવાળા ઝવેરી ફૂલચંદભાઈ તરફથી કરવામાં આવ્યો હતો.

પાલીતાણાથી વિહાર કરી શ્રી ગીરનારજી તીર્થની યાત્રા કરી રાજકોટ ગયા. ત્યાં અપૂર્વ મહોત્સવ કરવામાં આવ્યો. ત્યાંથી વિહાર કરી જામનેર (જન્મભૂમિ)માં પધાર્યા. દિક્ષા ગ્રહણ કર્યા પછી આ પહેલીજ વખત વાંકાનેરમાં આવવાનું થયું. મહા શુદ ૧૦ના રોજ વાંકાનેરના રહીશ શેઠ ભાઈચંદ ફુલચંદ (સંસારીભાઈ) તથા નીલ આવશેઓએ ચતુર્થ વ્રત ઉચ્ચર્યા. વાંકાનેરથી મોરબી ગયા. ત્યાં સ્થાનકવાસી જૈન કોન્ફરન્સનું અધિવેશન હતું. આ મેળાવડામાં ભિન્ન ભિન્ન ભાગોમાંથી સ્થાનકવાસી જૈનો આવેલા અને અજમેરવાળા ભીકુન દયાળજી તથા રાજકોટવાળા શ્રીમદ્ મોરારજી વીગેરે આગેવાન ગૃહસ્થોએ વરઘોડામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. અને ઉત્સાહપૂર્વક હજારો મનુષ્યોએ મહારાજના દર્શન કર્યાં હતાં. ધર્મની ઉન્નતિ સારા પ્રમાણમાં થઈ હતી. મોરબીથી વિહાર કરી જામનગર ગયા. ત્યાં થોડા દિવસ સ્થિરતા કરી સંઘને વ્યાખ્યાનનો લાભ દીધો. ત્યાંથી વિહાર કરી રાજકોટ ચાતુર્માસ માટે પધાર્યા.

ત્યાંના વકીલ [illegible] તરફથી સમવસરણની રચના કરવામાં આવી હતી, તથા નવકારશી પણ કરી હતી. આ શુભ પ્રસંગે આસપાસના ગામડાઓમાંથી અને મોટા શહેરોમાંથી જૈનોની મોટી સંખ્યા દર્શનાર્થે આવેલી હતી, તે સર્વ જૈનોનું સારી રીતે સ્વાગત થયું હતું એ પ્રમાણે સં. ૧૯૬૨નું ચોમાસું રાજકોટમાં પૂર્ણ થયું.

રાજકોટનું ચોમાસું પૂર્ણ થયા બાદ વિહાર કરી મોરબી ગયા. તે અરસામાં રાધનપુરવાળા મસાલીયા મોતીલાલ સોભાગ્ચંદ્રને શ્રી સિદ્ધાચળજીનો સંઘ કાઢવાની ભાવના થવાથી તેમના તરફથી મહારાજશ્રીને તેમાં સામેલ થવા વિનતી પત્ર આવવાથી ત્યાંથી વિહાર કરી રાધનપુર ગયા અને સંઘની સાથે સિદ્ધાચળજીની યાત્રા કરી રાધનપુર આવ્યા અને ચોમાસા માટે ત્યાં સ્થિરતા કરી. આ ચોમાસા દરમ્યાન વ્યાખ્યાનમાં વીસ સ્થાનકની હકીકત સમજાવવામાં આવતી કે તીર્થની યાત્રા કરવાથી આત્માને મહાન લાભ થાય છે.

અને તેથી ચારિત્ર તેવા પદને પામે છે સત્પુરુષ પોતે જ તીર્થરૂપ છે એટલું જ નહીં પણ તેમના ચરણકમળના સ્પર્શથી પવિત્ર થયેલી તે ભૂમિ અને તેની પ્રત્યેક રજ એ પણ તીર્થ રૂપ છે એવા પવિત્ર તીર્થની વિધિપૂર્વક સ્પર્શના પૂજન ભજન ધ્યાન વિગેરેથી આત્મામાં તે સત્પુરુષના જેવા અસાધારણ સદ્ગુણો સંક્રાંત થાય છે અને તેની યથાવિધિ ઉપાસનાથી અનુક્રમે આપણે પણ તે સત્પુરુષ જેવાં જ થઈ શકીએ છીએ. અનંત સદ્ગુણોથી સંપન્ન મહાત્માઓના રોમેરોમમાં ઉચ્ચતા પવિત્રતા નિર્મલતા ભરી રહેલી છે તેમના પ્રત્યેક શ્વાસોશ્વાસમાં અને શરીરના સૂક્ષ્મ અણુ એક રોમમાંથી નીકળતા પરમાણુ ઓમાં અલૌકિક અસર કરનાર ઉચ્ચ શક્તિઓ રહેલી હોય છે તેઓ જ્યાં જ્યાં જાય છે ત્યાં શુભ વાતાવરણ જ રચાય છે તે વાતાવરણમાં વસનારા ઉપર તેની ચમત્કારીક અસર થાય છે તીર્થમાં ભ્રમણ કરવાથી ભવ ભ્રમણથી મુક્ત બનાય છે. તીર્થમાં દ્રવ્યનો વ્યય કરવાથી સ્થિર સંપત્તિવાન થવાય છે. જીર્ણ થયેલા તીર્થનો ઉદ્ધાર કરવાથી શરીરમાં રહેતી ઉપાધિનો નાશ થાય છે. માટે આવા કળીકાળમાં જીર્ણ તીર્થોનો ઉદ્ધાર કરવો એ મનુષ્યમાત્રનું પહેલું કર્તવ્ય છે વળી તીર્થંકર દેવની પૂજા કરનાર પ્રાણી પોતે ભવાંતરમાં પૂજનિક થાય છે એ રીતે સં ૧૯૮૩ નું ચોમાસું રાધનપુરમાં કર્યું

ચોમાસું પૂર્ણ થતા બાદ માગશર વદી ૫ ના રોજ દીવાન ધર્મશી શ્રી કેશરીયાજી તીર્થનો સંઘ કહાડ્યો. તેની સાથે મહારાજશ્રીએ વિહાર કર્યો. અને શ્રી કેશરીયાજીની યાત્રા કરી ચાર માસે ફરીને રાધનપુર આવ્યા રાધનપુરના તમામ સંઘનો અતી આગ્રહ થવાથી બીજું ચોમાસું પણ ત્યાં સ્થિરતા કરી. અર્થાત્ સં ૧૯૮૪નું ચોમાસું રાધનપુરમાં કર્યું

ચોમાસું પૂર્ણ કર્યા બાદ મસાલીયા ભોગીદાસ સોભાગ્યચંદ તરફથી ઉપધાનની ક્રિયા શરૂ કરવામાં આવી. ક્રિયા પૂર્ણ થતાં માળ

ઘોરાની વિહાર કર્યો અને વાવ થરાદ ભોરાલ અને સાચોરની યાત્રા કરી રાજપુર ગયા. ત્યાં શ્રી સંઘના આગ્રહથી ઉપધાન મહોત્સવની સાથે અષ્ટાપદની રચના કરવામાં આવી. મહોત્સવ પૂર્ણ થયા બાદ શ્રી ભાંડુક તીર્થની યાત્રા કરવા ગયા. ત્યાં તીર્થના દર્શન કરી પંચ તીર્થની યાત્રા કરી અનેક ભવ્યજનોને ઉપદેશ દેતાં સાણંદ ગયા.

અમદાવાદ દેશના ઉપાશ્રયના આગેવાનો તરફથી ચોમાસા માટે વિનંતી થતાં સં. ૧૯૧૫નું ચોમાસું ત્યાં કર્યું

ચોમાસા દરમ્યાનના ઉપદેશથી વૈરાગ્ય પામીને ઝવેરીવાડમાં નીશાપોળવાળા શાહ મોહનલાલભાઈને તથા થરાદની પોરવાડના રતનભાઈએ અનુક્રમે સં. ૧૯૧૧ ના મહા સુદ ૭ અને જેઠ સુદ ૧૩ ને રોજ દીક્ષા ગ્રહણ કરી અને તેમના અનુક્રમે મુક્તિવિજયજી તથા રાજવિજયજી એવા નામ રાખ્યા. એ રીતે સં. ૧૯૧૧નું ચોમાસું પણ અમદાવાદમાં કર્યું

ચોમાસું પૂર્ણ થતાં શ્રી શંખેશ્વરજી તીર્થની ભમતીની પ્રતિષ્ઠા કરવામાં આવી. ત્યાંથી વિહાર કરી તારંગાજીની યાત્રા કરી બીકાનેર ગયા. ત્યાં ચોમાસું રહેવા માટે સંઘના આગેવાન શેઠ મથુરાદાસ મોહનલાલજી સુગનચંદજી વિગેરે સંઘ સમસ્તની વિનંતી થતાં તેઓ સાથે કરી ત્યાં ચોમાસું કરવા રહ્યા. ચોમાસામાં તપશ્ચર્યા સારા પ્રમાણમાં થએલી તથા હંમેશ વ્યાખ્યાનમાં સંખ્યાબંધ જૈનો તેમજ જૈનેતર પણ આવતા. એ પ્રમાણે સં. ૧૯૧૭ નું ચોમાસું બીકાનેરમાં ક

બીકાનેરમાં ઉપધાનની ક્રિયા શરૂ થએલી તે ક્રિયા કરાવ પંન્યાસ દાનવિજયજીને રાખીને પોતે જિનપુરની વિનંતી આવ જિનપુર ગયા અને ત્યાં પણ ઉપધાનની ક્રિયા કરાવી ત્યાંથી વિહ કરી ફલોધી ગયા ત્યાંથી પાછા જિનપુર આવ્યા ત્યાં ઉજમણાં મહોત્સવ પૂર્ણ કરાવી વીરમગામ તરફ વિહાર કર્યો અને ત્યાં ચોમાસ માટે સ્થિર રહ્યા.

વિરમગામમાં ધર્મનો રાગ સારો હોવાથી પર્યુષણમાં સારી રીતે તપસ્યા અને મહોત્સવો થયા તથા વ્યાખ્યાનમાં સારી સંખ્યામાં માણસો આવતા એ પ્રમાણે સંવત્ ૧૯૬૮નું ચોમાસું વીરમગામમાં થયું.

ચોમાસું ઉતર્યા બાદ ઉપધાન પૂર્ણ કરાવી દરેક વતિને માળા પહેરાવી. તથા મહા સુદ ૧૦ના રોજ મુનિશ્રી મદનવિજયજી તથા શ્રી માનવિજયજીને વડી દીક્ષા આપી રાધનપુર તરફ વિહાર કર્યો.

આ વિહારમાં ખાસ કરીને જ્ઞાનનો વિષય વધારે પ્રમાણમાં ચર્ચવામાં આવતો હતો. કારણ કે ગુજરાત જેવા ધર્મ પ્રેમી પ્રદેશમાં મુનિરાજોને શાસ્ત્રનો અભ્યાસ કરવાને કોઈ પણ સ્થળ નહોતું, તેથી મુનિઓ જોઈએ તેવું શાસ્ત્ર જ્ઞાન મેળવી શકતા નહીં. તેથી મહારાજશ્રી વ્યાખ્યાન દ્વારા જણાવતા કે–"જ્ઞાન વડે કરીને આ સંસારની મોહજાળ કેવી છે તેની ખબર પડે છે જ્ઞાન વડેજ તે મોહજાળથી મુક્ત થવાય છે જ્ઞાનવડે જ મનની મલિનતા દૂર થાય છે અને આત્મીય ઉજ્જવળતા વધે છે માટે દ્રવ્ય અને ભાવથી સિદ્ધાંતનું આરાધન કરવું અને કરાવવું એ દરેક વીરપુત્રોને પરમ હિતકારી છે વરતમાં દીક્ષા લીધેલા મુનીઓએ તે સિદ્ધાંતનો પૂરો અભ્યાસ કરી લઈ તેમજ તે આ સંસાર સમુદ્રને પાર પામી શકે. અને અજ્ઞાનીઓને પાર ઉતારી શકે જ્ઞાનની નિર્મળતા કરવા માટે જિનાગમો લખાવી ભંડારમાં મુકાવવા, તેમજ છપાઈ ગએલા સિદ્ધાંતને ફરી લખાવીને દરેક મુનિજનોને વહોરાવવા વિગેરે પ્રવૃત્તિથી જેઓ જ્ઞાનની પૂજા કરે છે તે ભવ્યજનો સંસારની અજ્ઞાન જડતાનો નાશ કરે છે એ જ્ઞાનની આરાધનાથી પ્રાણી આત્મની ઋદ્ધિ અને પદ તીર્થંકર પ્રભુની જેમ કેવળ જ્ઞાન પામી શાશ્વત સુખોને પ્રાપ્ત કરે છે જ્ઞાનથી પ્રાણી હેય-ઉપાદેય તત્વ અને પોતાનું હિતાહિત જાણી શકે છે તેઓ તત્વ રૂપથી વિરતીને પામે છે અને વિરતીપણાથી અંતર મોક્ષને પામે છે ચૌદ શાસ્ત્રમાં પણ કહેલ છે કે જ્ઞાન એ

પાપ રૂપ રોગના ઔષધ સમાન છે પુણ્યના કારણ રૂપ છે દિવ્ય ચક્ષુ રૂપ છે અને સર્વ અર્થને સાધનાર છે પ્રદિપ્ત થયેલ અગ્નિ જેમ ઇંધનને બાળી નાખે છે તેમ જ્ઞાનરૂપ અગ્નિ પ્રાણીઓના કર્મ ઇંધનને ભસ્મીભૂત કરી દે છે જ્ઞાનદાન દેનાર પ્રાણી નરકના દુઃખોથી બચી સ્વર્ગીય સુખોને પ્રાપ્ત કરે છે માટે હે ભવ્ય જનો! એવા જ્ઞાનનો સદુપયોગ કરી આ માનવ જન્મને સાર્થક કરો. પોતાની આંતરિક શુદ્ધ પ્રેરણાથી કરેલ દાન પ્રાણીને કલ્યાણની પરંપરા દેનાર બને છે ઉપર પ્રમાણેના વ્યાખ્યાન દ્વારા તેમ ગામવાળા ઝવેરી ઉજમશી વીરચંદ તરફથી સાધુઓની પાઠશાળા માટે રૂપીઆ પાંચ હજારની રકમ આપવાનું જાહેર કરવામાં આવ્યું.

અનુક્રમે વિહાર કરતાં તેઓ શ્રી રાધનપુર પધાર્યા અને ત્યાં ફાગણ સુદ ૧ ના રોજ મુનીશ્રી ઉદયવિજયજીને વડી દીક્ષા આપી. તે શુભ પ્રસંગ ઉપર શ્રી સંઘ તરફથી અઠ્ઠાઈ મહોત્સવ કરવામાં આવ્યો હતો. તેની સાથે શ્રી પાવાપુરીની રચના પણ કરવામાં આવી હતી. ત્યાંથી વિહાર કરી અમદાવાદ લુહારની પોળમાં સ્થિરતા કરી, કેમકે ત્યાં પન્યાસ પ્રતાપવિજયજી ગણીશ્રી બીમાર હતા તેમની વૈયાવચ્ચ કરવાની ખાસ જરૂર હતી. પણ દૈવની ગતિ ન્યારી છે. એટલે આખરે પન્યાસજી કાળ ધર્મ પામ્યા, તેથી શ્રી સંઘ તરફથી સમવસરણની રચના કરી અષ્ટોત્તરી સ્નાત્ર ભણાવી. તે કાર્ય પૂર્ણ થતાં આપ રાધનપુર તરફ ચોમાસા માટે વિહાર કર્યો. સાધુઓના પાંત્રીસ ઠાણાની સાથે ચોમાસામાં વ્યાખ્યાનમાં ભગવતી સૂત્રની વાંચના થતી હતી. એ રીતે સં. ૧૯૬૯ નું ચોમાસું રાધનપુર કર્યું ચોમાસામાં પન્યાસ શ્રીતીલકવિજયજીએ તથા બીજા મુનિરાજોએ તપસ્યા સારા પ્રમાણમાં કરી હતી, તેથી શ્રી સંઘ તરફથી અઠ્ઠાઈ મહોત્સવ તથા પાવાપુરીની રચના કરવામાં આવી હતી. તથા સ્વામી વાત્સલ્ય અને પ્રભાવના આદિમાં દ્રવ્યનો સારો વ્યય કરવામાં આવ્યો હતો.

ચોમાસું પૂર્ણ થયા બાદ શ્રી સંઘ સમક્ષ મુનિ શ્રી દાન વિજયજી મુનિ શ્રી દયાવિજયજી મુનિ શ્રી ધર્મવિજયજી મુનિશ્રી દેવવિજયજી તથા શ્રી [illegible]વિજયજી ઉપરા પાંચને ગણિપદ માગશર સુદી ૧૨ ના દીવસે તથા પન્યાસ પદવી માગસર સુદી ૧૫ ના રોજ આપવામાં આવી હતી. તે શુભ પ્રસંગ ઉપર શ્રી સંઘ તરફથી સમવસરણની રચના તથા અષ્ટોત્તરી સ્નાત્ર વિગેરેનો મહોત્સવ ધામ ધુમથી કરવામાં આવ્યો હતો. એ રીતે સં. ૧૯૬૯ નું ચોમાસું રાધનપુરમાં પૂર્ણ કર્યું.

ચોમાસું વ્યતીત થતાં ત્યાંથી વીહાર કરી વીરમગામ તરફ પધાર્યા અને ચોમાસાની સ્થિરતા વીરમગામમાં કરી વ્યાખ્યાન દ્વારા ત્યાંની સર્વ જનતાને મહારાજશ્રીએ જણાવ્યું કે શ્રી સીદ્ધાચળજી તીર્થ ઉપર પાલીતાણા દરબારે વાર્ષિક રૂપીઆ પચીસહજાર લેવાનો ઠરાવ કર્યો છે આવડી મોટી રકમ દર વર્ષે આપીએ પાસેથી પુરી થતી નથી. અને વધી વર્ષે તેમાં વૃદ્ધિ પામે તેમ છે માટે ભારતના તમામ જૈનોએ મળીને હાથો કરી અમદાવાદ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી પર મોકલવા જોઈએ." આ ઉપદેશથી ત્યાંના શ્રી સંઘે હાથો કર્યો તેમાં સત હજારની રકમ થઈ એ રીતે સં ૧૯૭૦ નું ચાતુર્માસ વીરમગામમાં આનંદ પૂર્વક પસાર કર્યું.

ત્યાંથી વિહાર કરી શ્રી સિદ્ધાચળજીની યાત્રા કરી મેવાડ પ્રદેશ તરફ વિહાર શરૂ કર્યો. જેને રસ્તે થયા ત્યાં ત્યાં શુદ્ધ દેવ, શુદ્ધ ગુરુ અને શુદ્ધ ધર્મ એ ત્રણ તત્ત્વ વિષે દેશના દેવામાં આવતી હતી. આ વ્યાખ્યાન શ્રવણ કરવા સર્વ ધર્મ જૈન તેમજ જૈનેતર પ્રજા આવતી. દેરાગ્ર ધર્મનું શુદ્ધ અને સાચું સ્વરૂપ મહારાજશ્રીના મુખેથી સાંભળી ઘણા સ્થાનક વાસીઓ મૂર્તિ પૂજક બનતા હતા. મેવાડના ઘણા ભાગોમાં વિહાર કર્યો પછી આગળ વિહારની ભાવના હતી પરંતુ દેહ પ્રકૃતિ તેમ નહીં હોવાથી તબીયત નરમ રહેવા લાગી આથી પાછા વિહાર કરી અમદાવાદ આવ્યા. ચોમાસા દરમ્યાન

તબીયત નરમ રહી એ રીતે સં. ૧૯૪૧ નું ચોમાસુ અમદાવાદ પાંજરાપોળના ઉપાશ્રયે પૂર્ણ કર્યું.

ચોમાસુ પૂર્ણ થયા બાદ આરોગ્ય સારી થવાથી વિહાર કરી પાટણ ફોફલીઆ વાડાના શેઠીઆઓની પોપટલાલ તથા લલ્લુભાઈ-ભાઈની વિનતી આવતાં વિહાર કરી પાટણ ગયા અને ત્યાંથી નીકળતા શ્રી કેશરીયાજીના સંઘમાં સામેલ થયા અનુક્રમે કેશરીયાજીની યાત્રા કરી સંઘની સાથે વિહાર કરી પુનઃ પાટણ આવ્યા અને પાટણમાં આગ્રહના પાડામાં ચોમાસાની સ્થિરતા કરી. ચોમાસામાં પ્રતિક્રમણ સૂત્ર શ્રીમદ્ હેમચંદ્રાચાર્યે પંચાવલિ વગેરે વાંચવાની શરૂઆત કરવામાં આવી. એ રીતે સં. ૧૯૪૨ નું ચોમાસુ પાટણમાં પૂર્ણ કર્યું.

ચોમાસુ પૂર્ણ થયે બાદ પાટણથી વિહાર કરી અમદાવાદ આવ્યા. ચોમાસાની સ્થિરતા કરવા શ્રી સંઘ તરફથી વિનતી થતાં તેનો સ્વીકાર કરવામાં આવ્યો. કેમકે કોઈ કારણસર દેરાસરના તથા પાંજરાપોળના હિસાબમાં ગોઠવણ બની નહોતી અને ગોઠવણની ખાસ જરૂર હતી તેથી વ્યાખ્યાન દ્વારા શ્રી સંઘને મહારાજશ્રીએ ઉપદેશ આપ્યો કે—

"મહાનુભાવો ! કાળ રૂપી કાળ મનુષ્યને કાપી રહેલ છે તેની ખબર આપણને ખબર નથી. જેમ જેમ સમય વ્યતીત થતો જાય છે તેમ તેમ છદ્મસ્થનું આયુષ્ય ઘટતું જાય છે. માટે જે સુકૃત સત્વરે થવું તેજ આપણને પરમ ઉપયોગી છે. ધાર્મિક ખાતાઓની ગોઠવણ કરી આપણ પાસ ચોખ્ખું ચોખ્ખું સાફ કરવી એ તમારી ફરજ છે. માટે સંસારીક કાર્યને ગૌણ કરીને પણ આ કાર પહેલી તકે કરવું યોગ્ય છે. મહારાજશ્રીના ઉપદેશથી ધાર્મિક ખાતાઓને સાફ કરવા તથા ખાતાઓને નભાવવા માટે ઠીક બોલતાં જીર્ણમાંથી શીતલ નાથ પ્રભુની પ્રતિમા નીકળેલી તેની યોગ્ય વ્યવસ્થા કરવા શ્રી શીતલ નાથજી જૈન મંદિરની સ્થાપના કરવામાં આવી. તે પછી ઉપદેશ અને કાર્યો પોતાને હસ્તક કર્યા. અને ખાખાપાર શ્રીમાન મયાભાઈ

તપસ્વી ચોખ્ખા રેગ્યુલર કરાવી આપ્યા અને શીતલનાથ પ્રભુની
પ્રતિમાને ચોમ્મ સાથે ઉત્સાહ અને ધામધુમ પૂર્વક પધરાવી આ
પ્રતિમા અતિ પ્રાચીન અને ચમત્કારી હોવાથી ઘણે સ્થાનેથી હજારો
લોકો દર્શનાર્થે આવતા એ રીતે સં. ૧૯૭૨ નું ચાતુર્માસ આસુરમાં કર્યું

ચોમાસુ પૂર્ણ થયા બાદ આસુરમાંથી વિહાર કરી રસ્તામાં
આવતા ગામોના જિન ચૈત્યોને જુહારતા ઊંઝા ગયા અને અષાઢ
સુદી ૧ ના રોજ મુનિશ્રી સંપતવિજયજીને વડી દીક્ષા આપવામાં
આવી. તથા દેવગુરૂ અને ધર્મની સેવા કરવા અર્થે સેવા સમાજની
સ્થાપના કરવામાં આવી. ચોમાસામાં વ્યાખ્યાન શ્રવણ અર્થે હજારો
સ્ત્રી પુરૂષો આવતાં અને સેવા સમાજની મુખ્યતાથી સંઘ ભક્તિ પૂજા
પ્રભાવના થતા હતા એ રીતે સં ૧૯૭૪ નું ચોમાસુ ઊંઝામાં કર્યું

ઊંઝાનું ચોમાસુ પૂર્ણ થતાં અમદાવાદ રાજપુર ગોમતીપુરની
પોળવાળા શાહ હઠીસીંગ ભગુભાઈ તરફથી વિનતી આવી કે અમારે
અઠ્ઠાઈ મહોત્સવ તથા શાન્તિસ્નાત્ર છે તે ઉપર આપ પધારો તેથી
વિહાર કરી અમદાવાદ ગયા અને તે શુભ કાર્ય કર્યું ત્યાંથી વિહાર
કરવાના હતા પરંતુ ત્યાંના સુતારની પોળના આગેવાનોની વિનંતીથી
ચોમાસાની સ્થિરતા કરી ચોમાસામાં તપસ્યા મહોત્સવ સાધર્મીવાત્સલ્ય
વિગેરે સારા પ્રમાણમાં થયા. આસો માસમાં પાંજરાપોળવાળા શાહ
કાલીદાસ મણીચંદ તરફથી ઉપધાન તપની ક્રિયા શરૂ કરાવવામાં
આવી. એ પ્રમાણે સં ૧૯૭૫ નું ચોમાસુ મહારાજશ્રીએ અમદાવાદ
પૂર્ણ કર્યું.

પવિત્ર રહેણી કરણી રાખનાર સંત પુરૂષો આત્મ વાણી
અર્પણ કરવાની પદ્ધતિ અનાદિકાળથી ચાલી આવી છે આજ ભારત
વર્ષમાં પૂર્વે દરેક સ્થળે જૈનધર્મનો ઝંડો ફરકતો હતો. મહાન આચાર્યો
અને મોટા શ્રીમંતો જૈનધર્મનું રક્ષણ કરવામાં તત્પર રહેતાં. તેઓએ
રાજસત્તા પાસે પોતાના ઉચ્ચ ચારિત્રની એવી સુંદર છાપ પાડી

હતી કે જેથી ક્ષેમ, ધર્મ અને તીર્થના રક્ષણના પ્રસંગે રાજ્યસત્તા કોઈ વખતે ઉપયોગી થઈ પડતી હતી. એ જમાનામાં જૈનોની કારકિર્દી ઝળહળતી હતી. શ્રીમાન્ હેમચંદ્રાચાર્ય તથા શ્રીમાન્ હીરવિજયસૂરિ સમાન આચાર્ય મહારાજાઓએ ગુજરાતના રાજા કુમારપાળ અને દિલ્હીના સમ્રાટ અકબરશાહને પ્રતિબોધી જૈનધર્મના તત્ત્વો સમજાવી જૈનધર્મની મહત્તા પ્રસરતી દિશાએ દેશને દેશમાં જમાવ્યો હતો. અનાદિકાળથી કમળ ભોગવનારા વીરોના લેખ પરસ્પર મેળવતા હતા એ પણ એક સમય હતો. આ જમાનામાં જૈનોમાં મહાન્ ચારિત્ર સંપન્ન અને નિષ્પક્ષ ધર્મગુરુઓ, આત્મજ્ઞાનવાળા શ્રીમંતો અને શાસ્ત્ર જ્ઞાનવાળા વિદ્વાનોના અભાવે ઠેકાણે ઠેકાણે ક્લેશ અને કુસંપથી કૈલાસ કરી રહ્યો છે તેના પરિણામથી ધર્મ ઉપર અંધકારના વાદળા ચડ્યા છે આવા નાજુક વખતમાં ધર્મ અને તીર્થની રક્ષણની ખાતર આચાર્ય શ્રીમદ્ વિજયનીતિસૂરિજી મહારાજ જે સેવા બજાવી રહ્યા છે તે સુવિદિત છે. ગરજો જે સમે તેઓ જ્યાં છે ત્યાં સંઘોમાં ઉપદેશથી ક્લેશ કુસંપને દૂર કરી સમાધાન સંપનું સ્થાપન કરેલ છે. આ ઉપરથી ગુજરાતના મોટા શહેરોના સદ્ગૃહસ્થોની એવી ઇચ્છા થઈ કે મહારાજશ્રીને આચાર્ય પદવી આપવા માટે તેમના ગુરુ મહારાજ શ્રી ભાવવિજયજી સમક્ષ વિનતી કરવી એ આપણી ફરજ છે. કારણ કે જે આચાર્યો પોતાની સંપત્તિથી સમયાનુસાર પણ મહાવ્રતધારક છત્રીસગુણયુક્ત તથા મહિમા ઉત્તમ વિચારના યોગ્ય અનપૂર્વક સંયમરૂપ ઉત્તમ પ્રકારે શ્રીજિનાગમને અનુસાર એવા મુનિવર્યોનો આચાર્યાદિ પદારોપણનો મહોત્સવ કરે છે તે આગમ તથા આચાર્યાદિકથી રચેલા અનેક ગ્રંથોના અનુમોદનથી સૂત્ર સંમત ગણ્યા કરે છે. આ પ્રમાણે વિચાર કરીને સુરત ગામોમાં અનેક ભાવીકોએ આચાર્યશ્રી ભાવવિજયજી મહારાજને ઉપરની હકીકત વિનતીપત્રે જાહેર કરી આગ્રહભરી વિનતી કરી. અનુરોધમાં આચાર્ય મહારાજ પણ ખુશી થયા અને કહ્યું કે આવો આશય

વાચો સેવાનો તમે જે સંકલ્પ કર્યો છે તેથી જૈનશાસનની શોભામાં અત્યંત વધારો થશે. માટે તમારા મનની ઇચ્છા પૂર્ણ કરવા હું તમને અંતઃકરણથી આદેશ આપું છું. આથી ગુજરાતના મોટા મોટા શહેરોમાં આ શુભ પ્રસંગે હાજરી આપવા માટે કુમકુમ પત્રિકા લખવામાં આવી. તથા કાર્યને લગતી તમામ સામગ્રી તૈયાર કરવામાં આવી. શેઠ મગનલાલ કકરસી શેઠ વાડીલાલ જગનલાલ, શેઠ પ્રેમચંદ સાકરચંદ સુતરીયા ભગુભાઈ ચુનીલાલ શેઠ મણીલાલ સાકળચંદ શેઠ શાંતિકુમાર, શેઠ જગાભાઈ ઉમાભાઈ શેઠ સાકરચંદ મોહનલાલ ઝવેરી ડાહ્યાભાઈ મનચંદ શેઠ મણીલાલ મોતીલાલ તથા બીજા પણ અનેક આગેવાન તેમજ બહારથી હાજર થયેલા ભાવિકો સમક્ષ સંવત્ ૧૯૭૬ ના માગશર સુદી ૧૧ ના શુભ દિવસે ચતુર્વિધ શ્રી સંઘની હાજરીમાં શ્રીમાન્ ભાવવિજયજી મહારાજ પાસે પ્રાણીઓના મનોરથને પૂરનાર એવા આચાર્ય પદારોપણની ક્રિયા વિધિ કરાવી મહોત્સવો કરાવવામાં આવ્યા. તેમજ મેળાવડામાં પધારેલ મુનિરાજો તથા આવેલાઓનો યોગ્ય સત્કાર કરવામાં આવ્યો.

ઉપરોક્ત ક્રિયાની સમાપ્તિ બાદ મહારાજશ્રી નીતિવિજયજી (શ્રી વિજયનીતિસૂરિજી)મહારાજે ચતુર્વિધ સંઘ સમક્ષ નમ્રતાપૂર્વક જણાવ્યું કે–"આપ સર્વએ મને આચાર્ય પદ આપ્યું તે માટે હું આપના તથા શાસનનો ઋણી છું અને તે ઋણ અદા કરવાની શક્તિ પરમાત્મા મને આપે એમ ઇચ્છું છું. જો કે હું આચાર્યપદને લાયક નથી, તોપણ મળેલ પદની સાર્થકતા હું ત્યારેજ માનીશ કે જ્યારે શાસનમાં પેઠેલ કુમતાદિક અનિષ્ટ તત્વો દૂર થાય, એકતા થાય અને ધર્મ તથા જીવનું હિત અને સંરક્ષણ થાય. જ્યાં સુધી ભિન્નતા નથી ત્યાં સુધી કોઈપણ કાર્યને સહિસલામત પાર ઉતારવું મુશ્કેલ છે. એક સમયે આજ ભારતવર્ષમાં કરોડોની સંખ્યામાં જૈનો હયાતી ભોગવતા હતાં દિન પ્રતિદિન તે સંખ્યામાં ઘટાડો થતો ગયો. અને પરિણામે વર્તમાનમાં ચાર

વાજની સંખ્યા જૈનોની રહી છે એ સંખ્યામાંથી સત્ય ઉપદેશ અને સાધુવિહારના અભાવે હજારો જૈનો જૈનેતર બને છે એ ઠીક સાધુ સંસ્થાને માટે અતિશરમજનક છે. જો જૈનોની સંખ્યા સારા પ્રમાણમાં રહી તેમ સાધુઓનો યોગ્ય આદર થશે. માટે સાધુઓએ સતત વિહાર કરી ઉપદેશ દ્વારા જૈનોને જાગૃત કરવાની જરૂર છે. પરસ્પરમાં પ્રેમભાવ પ્રગટ થશે તેમ ઉપરનું કાર્ય પાર પડશે. માટે પ્રથમ અંતઃકરણમાં નિખાલસ શુદ્ધ પ્રેમને સ્થાન આપવું જોઈએ."

ઉપરના શુભ પ્રસંગે ગુરુદેવની યોજનાવાળા આગેવાન શેઠશ્રી તથા શાહ કાલીદાસ મહીચંદ તરફથી અઠ્ઠાઈ મહોત્સવની સાથે સમવસરણની રચના તથા શાન્તિસ્નાત્ર થયાં હતાં. બહારગામથી આવેલની સંખ્યા લગભગ સાત હજારની હતી.

પૂજ્ય અનુયોગ આચાર્ય મહારાજશ્રી ભાવવિજયજીની તબીયત ઘણા વખતથી નરમ રહેવાના કારણે અમદાવાદના શ્રીસંઘની આગ્રહભરી વિનતીથી તે ચોમાસું ગુરુદેવની યોજના ઉપાશ્રયે રહેવાનું થયેલ. ચોમાસામાં પૂજા પ્રભાવના, તપશ્ચર્યા, સ્વામી વાત્સલ્ય વિગેરે સારી રીતે થયેલ. ભાવિકોએ ઉત્સાહ પણ સારો કરેલ. એ રીતે સં. ૧૯૭૮ નું ચોમાસું અમદાવાદમાં થયું. તે અરસામાં શેઠ જમનાભાઈ ભગુભાઈ તરફથી ઉપધાનની ક્રિયા શરૂ કરવામાં આવેલ. ઉપધાન પૂર્ણ થયે માળ પહેરાવી મહારાજશ્રીએ વિહાર કર્યો. અનુક્રમે મોટા મોટા શહેરોમાં જૈન મંદિરોને વંદતા શ્રી સિદ્ધક્ષેત્રમાં પધાર્યા અને ચોમાસા માટે ત્યાં સ્થિરતા કરી. ચોમાસામાં દરરોજ તીર્થયાત્રા સંબંધી વ્યાખ્યાન આપવામાં આવતું. શ્રોતાજનો સારા પ્રમાણમાં હાજરી આપતાં. સમવસરણની રચના તથા શાન્તિ સ્નાત્ર, ઉપધાન થયા હતા. એ રીતે સં. ૧૯૭૯નું ચોમાસું પાલીતાણામાં થયું.

ઉપધાન પૂર્ણ થયે બધા યતિઓને માળ પહેરાવી તથા શ્રી પાલીતાણા જૈન સેવા સમાજની સ્થાપના કરી, ગિરનારજી તરફ

વિહાર શરૂ કર્યો. રસ્તામાં આવતાં જૈન વસ્તીવાળાં ગામો શહેરોમાં ઉપદેશ અને દિવસની સ્થિરતા કરતાં જુનાગઢમાં આવી પહોંચ્યા અને ચૈત્ર સુદ રોહિણીને શ્રી નેમનાથ પ્રભુના દર્શન માટે ઉપર ગયા. યાત્રા દરમ્યાન તમામ જૈન મતનું બારીકાઈથી નિરીક્ષણ કરવામાં આવ્યું અને તેને પરિણામે જણાયું કે પ્રાચીનકાળમાં બંધાયેલાં આ ચૈત્યો આ ચૈત્યોને ઘણાંજ મહાન નુકશાન થઈ ગયાં છે તે બરાબર સાચવી રાખવા એ દરેક જૈનની ખાસ ફરજ છે આ તીર્થની મરામત કરાવવાની ખાસ જરૂર છે. જો તે કાર્યમાં કાળક્ષેપ થશે તો પ્રાચીનકાળના અવશેષો નષ્ટ થવાનો સંભવ છે માટે તાત્કાળીક જ તેના જીર્ણોદ્ધારની જરૂર છે આવી શુભ ભાવના મહારાજશ્રીના અંતઃકરણમાં થઈ ઉપરની બીના લક્ષમાં રાખી જુનાગઢથી વિહાર કરી તેઓ વેરાવળ ગયા અને ચાતુર્માસની સ્થિરતા ત્યાં કરી તેમજ ગિરનાર જીર્ણોદ્ધારની હકીકત વેરાવળના સંઘને જણાવી. મહાપુરુષો જે કાર્યને ચિંતવે છે તેને તેઓ પ્રાપ્તિ પણ ચૂકતા નથી દરમ્યાનમાં જુનાગઢ સ્ટેટના દિવાન શ્રી ત્રીભોવનદાસ કુબેરદાસનું વેરાવળમાં આવવું થયું તેમજ તેજ અરસામાં શેઠ દેવકરણ ખુશાલભાઈને ત્યાં લગ્નનો મહોત્સવ હતો તેથી દેરાસરજીમાં તેમણે ઉત્સવ શરૂ કરેલ, આ શુભ પ્રસંગે આવવા માટે સંઘ તરફથી દિવાનજીને આમંત્રણ કર્યું અને પૂજામાં તેઓ આવ્યા ત્યારે પૂજ્ય આચાર્ય મહારાજ પણ ત્યાં હાજર હતા. ત્યારબાદ મહારાજશ્રીની પ્રેરણાથી વેરાવળના આગેવાન જૈન ગૃહસ્થો દિવાનજીની પાસે ગયા અને ગિરનારજી પર જીર્ણોદ્ધાર કરવા માટે રજા દેવા વિનંતી કરી. પ્રત્યુત્તરમાં દિવાનજીએ જણાવ્યું કે જુનાગઢ આવજો, નવાબ સાહેબને આ બાબતથી વાકેફ કરી જવાબ આપીશ. એ પ્રમાણે સં. ૧૯૭૮નું ચોમાસું વેરાવળમાં પૂર્ણ કર્યું.

ત્યાંથી પ્રભાસપાટણ ગયા અને ત્યાંના મંદિરના જીર્ણોદ્ધારની જરૂર જણાતાં ત્યાં વ્યાખ્યાન દ્વારા ઉપદેશ દઈ ફંડ એકઠું કરાવ્યું,

જેમાં ત્રણ ગૃહસ્થો તરફથી રૂ. ૫૧) તથા સંઘ તરફથી રૂ. ૨૪) ભેળા થયા. તે રકમની વ્યાજમાંથી પ્રતિવર્ષ કાયમ રીતે થાય તેવો પ્રબંધ થયો.

ત્યાંથી વિહાર કરી મીગશર સુદ ૧ એ જુનાગઢ આવ્યા. તે વખતે વેરાવળના નામીચાન ગૃહસ્થો દીવાન [illegible] સાહેબની મુલાકાતે ગયા અને જીર્ણોદ્ધારનો હુકમ આપવા માટે વીનતી કરી. અને પ્રયત્નોથી હુકમી જીર્ણોદ્ધારની રજા મળી. આ સમાચારથી મહારાજશ્રીને ઘણું હર્ષ થયો. મહારાજશ્રીએ જુનાગઢમાં તથા વેરાવળમાં સેવાસમાજની સ્થાપના કરી પોરબંદર તરફ વિહાર કર્યો. પોરબંદરના શ્રીસંઘને ગિરનારજી જીર્ણોદ્ધારની હકીકતથી વાકેફ કરી તેમાં યોગ્ય ફાળો આપવા જણાવી થોડા દિવસ સ્થિરતા કરી જામનગર ગયા. આ નગરમાં વ્યાખ્યાન દ્વારા જામનગર સંઘનો ઉત્સાહ વર્ધમાન કર્યો. કરછી આસપાસના ગામડાઓમાં જૈનોની વસ્તી સારા પ્રમાણમાં હતી પરંતુ જૈન બાળકોને ધાર્મિક તથા વ્યવહારીક શીક્ષણના અભાવથી તેઓ અન્ય ધર્મી જેવા બની જતા હતા, તેથી ગામેગામ (કરા તે પ્રદેશમાં ૨૫) પાઠશાળાઓ બેસાડવા માટે ભગીરથ પ્રયત્ન કરવામાં આવ્યો. તેના ખર્ચ માટે સારી રકમની જરૂર જણાતાં બાળકોને ઉત્તેજન આપતાં કેટલાએ પાઠશાળા માટે સારું ફંડ એકઠું કર્યું. આથી બાળકોને વ્યવહારીક અને ધાર્મીક શિક્ષણ મળતાં તેઓ શ્રદ્ધાળુ અને આસ્તિક બનવા લાગ્યા. આ સર્વે પૂર્ણ થતાં વિહાર કરી ગિરનારજી તીર્થની છાયામાં આવી પહોંચ્યા અને જીર્ણોદ્ધારના કાર્યમાં રસ લેવા માંડ્યા. આ કાર્ય માટે ચોમાસુ જુનાગઢમાં કરવા નક્કી થયું અને અષાઢ સુ ૧૪ પહેલાં જીર્ણોદ્ધારના સ્થળો નક્કી કરવા તથા ખર્ચનો અડસટ્ટો કરવા શ્રી સંઘને જણાવ્યું. જીર્ણોદ્ધાર ફંડનો હિસાબ રાખવા તથા કામની વ્યવસ્થા કરવા માટે એક કમીટી નીમવામાં આવી. આ કમીટીમાં જુનાગઢ સ્ટેટના નાયબ ઓડીટર સાહેબ

ગુરૂભક્તિ તન મનથી તીર્થની સેવા બજાવી તમામ રીતે સરળતા કરી આપી. કમીટી તરફથી પેપરોદ્વારા આખા ભારતવર્ષમાં ગિરનારજી જીર્ણોદ્ધારની ખબર દેવામાં આવી. જેથી ક્રમેક્રમે ફંડમાં નાણું એકઠું થવા માંડ્યા ચોમાસું પૂર્ણ થયા બાદ કમીટી તરફથી કામકાજ શરૂ કરવામાં આવ્યું અત્યાર સુધીમાં લગભગ પચીશ લાખ રૂપીઆ ખર્ચાઇ ચુક્યા છે અને હવે એકાદ લાખ રૂપીઆની જરૂર છે તીર્થ પ્રેમી જૈનો તરફથી મળી જશે એ નિઃસંશય બીના છે તે વખતે જીર્ણોદ્ધારના કાર્યના અંગે ગુરૂશ્રીની આજ્ઞાથી તે ચોમાસું મહારાજશ્રીએ જુનાગઢમાં કર્યું. ચોમાસા દરમ્યાનમાં આચાર્ય દેવશ્રી ભાવવિજયજી મહારાજની બીમારીના સમાચાર મળ્યા પણ ચોમાસામાં શું બની શકે? અંત કરણમાં પસ્તાવો થયા કરતો કે અરે વખતે હું ગુરૂ દેવથી દુર રહ્યો. પરંતુ ભાવિ પ્રબળ હોય સં ૧૯૭૪ ના ભાદરવા શુ. ૩ ના રોજ આચાર્ય મહારાજશ્રી ભાવવિજયજી પાટણમાં કાળધર્મ પામ્યા. તે સમાચાર જુનાગઢ આવતાં શ્રી સંઘ તરફથી અઠ્ઠાઇ મહોત્સવ તથા શેઠ આણંદજી મોતીચંદ તરફથી શાન્તિ સ્નાત્ર થયા હતાં. એ રીતે સં ૧૯૭૪ નું ચોમાસું જુનાગઢમાં પૂર્ણ થયું.

ચોમાસા બાદ વિહાર કરી અમદાવાદ થયા. રસ્તામાં આવતાં મોટા શહેરમાં ગીરનારજી તીર્થના જીર્ણોદ્ધાર માટે ઉપદેશ આપવામાં આવતો અમદાવાદમાં લોકોના આગ્રહને ચોમાસાની સ્થિરતા કરી અને ઉપદેશથી અમદાવાદના શ્રી જીર્ણોદ્ધાર માટે આઠ હજાર રૂપીઆ ભેગા કરી મોકલ્યા. શ્રી કમલવિજયજીને વડી દીક્ષા ત્યાં આપી. એ પ્રમાણે સં. ૧૯૭૫ નું ચોમાસું અમદાવાદમાં પૂર્ણ કર્યું

ચોમાસું પૂર્ણ થયા બાદ રાધનપુરવાળા મસાલીઆ ભાઇચંદ અમરચંદની વિનંતીથી વિહાર કરી રાધનપુર ગયા. માગસર માસમાં

મસાલીયા ભાણુભાઈ તરફથી ઉજમણું કરવામાં આવ્યું. ત્યાંથી મુનિ કમળવિજયજી સાથેની વીનતીથી પાલણ થયા. મેતાણા પ્રસંગે મહોત્સવ કરવામાં આવ્યો. ત્યાંથી ક્ષેત્રસીના પાટણવાળાના આગ્રહથી ત્યાં ગયા. ત્યાં મુનિશ્રી હર્ષવિજયજીને પંન્યાસ પદવી આપવામાં આવી. અઠ્ઠાઈ મહોત્સવ તથા શાંતિસ્નાત્ર થયાં. તે વખતે શ્રી ગિરનારજી ઉપર નવેલ જીર્ણોદ્ધારવાળા દેરાસર ઉપર ધ્વજાદંડ ચઢાવવાના કામમાં લાભ લેવા માટે તાર આવતાં જુનાગઢ ગયા. ત્યાં જઈ તે કાર્યને નિર્વિઘ્ને પૂર્ણ કરાવ્યું. આ શુભ પ્રસંગ ઉપર દેશ પરદેશથી સારી સંખ્યામાં લોકો આવ્યા હતા. જેથી તે મહોત્સવ પ્રસંગે જીર્ણોદ્ધાર ફંડમાં સારી રકમ થઈ. ત્યાંથી વિહાર કરી જેતપુર, મોટા સરધાર, રાજકોટ થઈ વાંકાનેર ગયા. વાંકાનેરમાં જૈનોની વસ્તી તથા ભાવનો હતો. તે વખતના પાટણના શુભ પ્રસંગ ઉપર વાંકાનેરના રહીશ શાહ વીરચંદ કલ્યાણવાળા તરફથી મહોત્સવ કરવામાં આવ્યો હતો અને તેમાં ઘણા શક્તિ મુજબ ખર્ચ કરી સંપત્તિનો લાભ લીધો હતો. દેરાસરમાં પણ સારી ઉપજ થઈ હતી. મહોત્સવ પૂર્ણ થયા બાદ વિહાર કરી મોરબી ગયા. ત્યાં ચોમાસુ રહેવા માટે શ્રી સંઘનો આગ્રહ હતો પરંતુ શ્રી વાંકાનેરના સંઘે નક્કી કરેલ હોવાથી વાંકાનેર તરફ ચોમાસા માટે વિહાર કર્યો. વાંકાનેરમાં ઉપાશ્રય હતો, પણ તે જુના વખતનો અને સગવડ વિનાનો હોવાથી તેને નવેસરથી કરાવવાની ખાસ જરૂર હતી. તે દરમ્યાન મોરબી નિવાસી શેઠ જીવરાજ ધનજી મહારાજશ્રીના દર્શનાર્થે વાંકાનેર આવતાં તેમને આ હકીકત જણાવી. તેમણે મોટી રકમ આપવા કબુલ કર્યું. ઉપાશ્રયનું કામ પૂર્ણ કરાવ્યું. તેમાં રૂા. ૧૧   ) થયા. તેમાં રૂ.૧   ) શેઠ જીવરાજ ધનજી તરફથી મળેલા. ઉપાશ્રયનું કાર્ય પૂર્ણ થયા બાદ વાંકાનેરના શ્રી સંઘ તરફથી અઠ્ઠાઈ મહોત્સવ તથા શાન્તિસ્નાત્ર થયાં હતાં. એ પ્રમાણે સં. ૧૯૮૧ નું ચોમાસુ વાંકાનેરમાં થયું.

ચોમાસા બાદ મોરબીમાં બંધાયેલા ઉપાશ્રયવાળાને ત્યાં પધરાવી કચ્છ તરફ વિહાર શરૂ કર્યો અને પાનોલ્ય (ધીમાણા) ગયા.

તે દરમ્યાન ઉદ્ધાર કમીટી તરફથી સૂચના થવાથી શ્રી સિદ્ધાચળજી તરફ વિહાર કર્યો, અને યાત્રા કરી અમદાવાદ થયા. રસ્તામાં મુંબઈના મિત્ર સમાજ તરફથી આગ્રહ કરવામાં આવ્યો કે શ્રી શંખેશ્વરજી તીર્થમાં પાટણવાળા શેઠ ચુનીલાલ નાનચંદ તરફથી આંબીલ તપની ઓળી થવાની છે માટે ત્યાં પધારો. આથી મહારાજશ્રી શંખેશ્વરજી ગયા. ઓળી બાદ વિહાર કરી કરી ગામે ગયા. ત્યાં સંઘમાં કુસંપના મૂળ ઘર કરી ગએલા તેથી ત્યાં સ્થિરતા કરી. વારંવાર વ્યાખ્યાન દ્વારા ક્લેશથી કેવા અનિષ્ટ પરિણામ આવે છે તે દાખલા દલીલથી સમજાવતાં દરેકના હૃદયમાંથી ક્લેશ સમતો ગયો. અને પરસ્પરમ પ્રેમની લાગણી પ્રગટ થઈ. ક્લેશના કારણે ત્યાંના દેરાસરના જીર્ણોદ્ધારનું કામ નહીં થયું હોય તે કરવામાં આવ્યું તે પછી વિહાર કરી અમદાવાદ ગયા. ત્યાં શાહ વાડીલાલ છગનલાલ તરફથી ઉજમણાનો મહોત્સવ કરવામાં આવ્યો અને લુહારની પોળમાં ચોમાસાની સ્થિરતા કરી. ચોમાસામા વ્યાખ્યાન દ્વારા ગિરનારજી તીર્થના જીર્ણોદ્ધાર વિષે જણાવ્યું અને તે ઉપદેશથી દરેકને લાગણી થવાથી ૬૬ એકઠું કર્યું તેમાં રૂપીઆ સોળ હજારની રકમ એકઠી થઈ એ રીતે સં. ૧૯૮૨ નું ચોમાસું અમદાવાદમાં પૂર્ણ કર્યું

તે વખત શાહ ચુનીલાલ ખુશાલચંદ તરફથી ઉપધાન થએલા તેમાં માળ પહેરાવીને સંઘવી નગીનદાસ કરમચંદના કચ્છ ભદ્રેશ્વરના સંઘમાં પધારવા વિનતી થતાં સુખપર ભેગાં થયાં. તે વખત ખરાણથી શાહ મીઠાભાઈ છગનલાલે મુલેશ્વરનો સંઘ કાઢેલ તેને તીર્થ માળ પહેરાવી કચ્છના સંઘની સાથે વિહાર કરી ભદ્રેશ્વર અને કચ્છની પંચતીર્થની યાત્રા કરી ગિરનાર આવ્યા ત્યાં સંઘવી નગીનદાસભાઈને માળ પહેરાવી ગિરનારજીની યાત્રા કરી જેતપુર તરફ વિહાર કર્યો, અને ચોમાસાની સ્થિરતા જેતપુરમાં કરી. ચોમાસા દરમ્યાન ઉપધાન થયા તે દિવસ કરાવી ધર્મની ઉન્નતિ સારી થઈ એ રીતે સં. ૧૯૮૩ નું ચાતુર્માસ જેતપુરમાં પૂર્ણ થયું

ચોમાસા બાદ વિહાર કરી ગિરનારજી ગયા અને ત્યાં યાત્રા કરી. રાધનપુરના શેઠ વાડીલાલ પુનમચંદે ત્યાં ઉજમણાના મહોત્સવ ઉપર પધારવા વીનતી કરતાં રાધનપુર ગયા. રાધનપુરમાં ઉજમણાંના મહોત્સવ કરતાં ધર્મક્ષેત્રમાં સારો રકમની ઉપજ થઈ બાદ શ્રી સંઘ તરફથી વિનંતિ કરતાં ત્યાં ચોમાસુ રહેવાનું નક્કી કરેલ. ચોમાસા દરમ્યાન વ્યાખ્યાનમાં જૈન બાળકોને ધાર્મિક જ્ઞાન મેળવવા માટે પાઠશાળા ખોલવા ઉપદેશ કરવામાં આવેલ અને પરિણામે પાઠશાળાના કાયમ નિભાવ માટે શેઠ ભાણુલાલ જમનાદાસે (રૂપિયા ૧૫) આપવાની ઉદારતા બતાવી એટલે રાધનપુર તથા આસપાસના જૈન બાળકોને ધાર્મિક જ્ઞાન મળે તે માટે પાઠશાળાની સ્થાપના કરવામાં આવી. શ્રીરત્નવિજયજી જૈન પાઠશાળા એવું નામ રાખ્યું. એ રીતે સં. ૧૯૮૪ નું ચોમાસુ રાધનપુરમાં કર્યું.

ચોમાસા બાદ વિહાર કરી ભાભર ગયા ત્યાં ઉપધાનવાળાને માળ પહેરાવી શ્રી ગિરનારજી ઉપર જીર્ણોદ્ધાર કરેલ દેરીઓની પ્રતિષ્ઠા મહોત્સવ કરાવવા વિહાર કરી જુનાગઢ ગયા. માગશર વદી ૨ ના રોજ પ્રતિષ્ઠા કરતાં મહોત્સવ કરવામાં આવ્યો તથા અમદાવાદથી આવેલ સંઘ । સંઘવી.

ને તીર્થમાળ પહેરાવી સંઘવી તરફથી અમદાવાદમાં ચાતુર્માસ માટે વિનંતી કરતાં તે સ્વીકારી વિહાર કરી અમદાવાદ ગયા અને ઝવેરીની પોળના ઉપાશ્રયે સ્થિરતા કરી. ચોમાસામાં મુનિશ્રી માનવિજયજીને તથા મુનિ ઉદયવિજયજીને [illegible] આપવામાં આવ્યું તે પ્રસંગે મહોત્સવ કરવામાં આવ્યો. એ પ્રમાણે સં. ૧૯૮૫ નું ચોમાસુ અમદાવાદમાં પુર્ણ થયું

ત્યાંથી વિહાર કરી શ્રી કેશરીયાનાથજીની યાત્રાએ ગયા આ પવિત્ર ધામમાં બાલબ્રહ્મચારી શ્રી ધરમસીભાઈ તથા તેમના ધર્મપત્નીએ સજોડે ચોથા વ્રતની અભિલાષા જાહેર કરતાં તેમના ચારિત્રના ઉદ્ગાર આ તીર્થમાં હાજર રહેલ સંઘ સમક્ષ તેઓને આપવી ([illegible] આપવામાં આવી. અત્રેથી [illegible] મુનિ ભક્તિવિજયજી તથા

